R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૯૮મું
VOLUME : 02 • ISSUE : 15 • PAGES : 28 • MUMBAI • DATE : 05TH JUNE 2022
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA
www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




6D 0301
0045
SIL 3 IEC 61508
ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# પ્રેરણાદાયક પ્રસંગો

- ડૉ. હીરાચંદ દંડ



તાજેતરમાં મને ફ્રાન્સના શહેર કેન્સમાં યોજાઇ ગયેલા કેન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં જવાની તક મળી. આ વર્ષે કેન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં કેન્દ્રસ્થાને ભારત દેશ હતો. કેન્સ ફિલ્મ ફેસ્ટીવલ આ વર્ષે ૭૫મું વર્ષ ઉજવી રહ્યું છે. તેવી જ રીતે ભારત પણ આઝાદીના અમૃત મહોત્સવ (૭૫મું વર્ષ) ની ઉજવણી કરી રહ્યું છે. ફેસ્ટીવલમાં મને આર. માધવનની ફિલ્મ Roketry જોવાનો મોકો મળ્યો. આ ફિલ્મ જોવા માટે અનેક ફિલ્મ મેકર્સ તથા કલાકારોની સાથે સાથે કેબિનેટ મીનીસ્ટર શ્રી અનુરાગ ઠાકુર પણ આવ્યા હતા. તેઓ ભારતના સૂચના અને પ્રસારણ તથા રમતગમત મંત્રી છે.

જ્યારે શ્રી અનુરાગ ઠાકુર ઓડિટોરીયમમાં આવ્યા ત્યારે ફિલ્મ નિર્માતાના કર્મચારીઓ દોડતા દોડતા ગયા અને તેમના માટે અલાયદી લાઇન બનાવવાનો પ્રયત્ન કર્યો, તેમના માટે બેસવાની ખાસ વ્યવસ્થા પણ કરી પરંતુ અમારા બધાના આશ્ચર્ય વચ્ચે તેમણે બધાની સાથે જ લાઇનમાં આવવાનો આગ્રહ રાખ્યો અને પ્રેક્ષકોની વચ્ચે જ્યાં જગ્યા મળી ત્યાં બેસી ગયા અને ફિલ્મ જોઇ. હું તથા અન્ય સૌ ઉપસ્થિતો તેમની આવી સાદગી અને સરળતા જોતા જ રહી ગયા.

અહીં મને એવા માણસો યાદ આવ્યા કે જેઓ લગ્નમાં, સામાજીક કાર્યક્રમમાં અને પ્રાર્થનાસભામાં પણ આગળની હરોળમાં બેસવાનો આગ્રહ રાખે છે. આવા લોકો મોડા તો આવે જ છે પછી આજુબાજુ જુએ છે, એટલે બધાને ખબર પડે કે ફલાણાભાઇ આવ્યા છે. અને કોઇક જણ પોતે ઉભો થઇને આવી વ્યક્તિને પોતાની સીટ આપી દે છે. આવા લોકોએ આપણા દેશના યુવાન મંત્રીશ્રી પાસેથી કંઇક શીખવું જોઇએ એવું નથી લાગતું?

આપણા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન નેતા–વૈજ્ઞાનિક એવા ડો. અબ્દુલ કલામ સાહેબ અંગેનું પુસ્તક મે વાંચ્યું છે. પુસ્તકના લેખક શ્રી સૃજનપાલ સિંઘે એક કિસ્સો એમાં નોંધ્યો છે. ઇ.સ. ૨૦૧૫માં એમ ટીવી ઉપર આવતા કોમેડી શો માં કલાકાર વિરદાસે ડો. કલામસાહેબ ઉપર એક જોક પ્રસ્તુત કરી જેને જનતાએ નાપસંદ કરી હતી. કલાકાર વિરૂદ્ધ પોલિસ ફરીયાદ થઇ અને મામલો તંગ બની ગયો. જ્યારે ડો. કલામ સાહેબને આ અંગે જાણ થઇ ત્યારે તેઓ અસ્વસ્થ થઇ ગયા. તેમણે સૃજનપાલ સિંઘને કહ્યું કે જોક એટલે જોક, એને હળવાશથી અને ખેલદિલીથી લેવી જોઇએ, ગંભીરતાથી નહિં.

અહીં એક અન્ય ઘટના પણ નોંધપાત્ર છે. પાંચ વર્ષ પહેલા લોકસભાના તત્કાલીન અધ્યક્ષા શ્રીમતી સુમિત્રા મહાજન દ્વારા મહારાણી અહિલ્યાબાઇના જીવન પર લખેલા પુસ્તક 'માતોશ્રી'નું વિમોચન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે થયું. મંચ ઉપર આવીને મોદીજીએ પુસ્તકનું રેપર ખોલી વિમોચન કર્યું. અને પુસ્તકનું રેપર પોતાના ખિસ્સામાં મુક્યું. ખૂબજ સહજતાથી એમણે આમ કર્યું. જો એમણે કોઇની તરફ જોયું હોત તો કોઇપણ વ્યક્તિ રેપર લઇ લેત. પરંતુ આવું કંઇ પણ ન કરતા તેમણે પોતાની સાદગી, સરળતા અને સ્વચ્છતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

મને લાગે છે કે આવી મહાન વ્યક્તિઓના જીવનમાંથી આપણે ઘણું બધું શીખવું જોઇએ.

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૨, અંક : ૧૫, તા. ૦૫-૦૬-૨૦૨૨**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# મળવા જેવા માણસ...

## શ્રી સુધીર વાલજી મોતા - વાંકૂ (ભોપાલ)



આપણી જ્ઞાતિમાં અનેક તેજસ્વી તારકો સમાન વ્યક્તિઓ છે પરંતુ આપણે સૌ તેમના વિશે અજ્ઞાત છીએ. પ્રકાશ સમીક્ષા આવી વ્યક્તિઓથી જ્ઞાતિને પરિચીત કરાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આવું જ એક વ્યક્તિત્વ છે ગામ વાંકુના હાલે ભોપાલ રહેતા શ્રી સુધીર વાલજી મોતા. તેઓ શ્રીમતી રાજવંતીબેન વાલજી મોતાના સુપુત્ર છે.

સુધીરભાઈનો જન્મ અને ઉછેર ભોપાલ (મ.પ્ર.) માં થયો. તેમણે તેમનું શિક્ષણ પણ ભોપાલમાં જ લીધું. તેમણે બી.એસ.સી. કર્યું કારણકે તેમને મેડીકલ લાઈનમાં જવું હતું. પણ તેમના સાહિત્યપ્રેમના કારણે ત્યારપછી એમ.એ. (સાહિત્ય)નું શિક્ષણ લીધું. તેઓ પરિવારના અનાજના ધંધામાં જોડાયા અને આજ સુધી અનાજના વેપારમાં પ્રવૃત્ત છે. ભોપાલમાં ક.દ.ઓ. જ્ઞાતિના પચ્ચીસ જેટલા ઘર છે અને શ્રી સુધીરભાઈ ક.દ.ઓ. મહાજન-ભોપાલના પ્રમુખ છે. તેમણે મોટી સંખ્યામાં લેખો તથા કવિતાઓ લખી છે જે વિવિધ સમાચારપત્રો તથા સામયિકોમાં પ્રકાશિત થયા છે. તેમના પાંચ (કાવ્યસંગ્રહ) પુસ્તકો હિંદીમાં તથા એક પુસ્તક અલગ પ્રકારના વિષય ઉપર હિંદી અને અંગ્રેજી એમ બન્ને ભાષામાં પ્રકાશિત થયું છે.

સુધીરભાઈના પત્ની જ્યોતિબેનનું ઈ.સ. ૨૦૨૧માં અવસાન થયું. તેઓ છેલ્લા કેટલાક વર્ષોથી કેન્સરથી પીડીત હતા. આ દંપતિના મોટો પુત્ર વૈભવ કે જે પ્રખ્યાત એન્કર છે અને મનોરંજન ઈન્ડસ્ટ્રીઝમાં કાર્યરત છે, તેણે તથા નાનો પુત્ર પ્રિયાંશ, જે આઈ.ટી. ઈન્ડસ્ટ્રીઝમાં કાર્યરત છે, તે બન્નેએ માતા જ્યોતિબેનની બિમારી દરમ્યાન ખૂબજ સારસંભાળ રાખી. પ્રિયાંશ તો પુના ખાતેની નોકરી છોડી ભોપાલ આવી ગયો અને માતાના અંતિમ સમયે ખૂબજ સુશ્રુષા કરી હતી. જ્યોતિબેનની બિમારી દરમ્યાનના લાંબા ગાળામાં સુધીરભાઈએ અંગ્રેજીમાં 'કેન્સર વેડસ્ કેન્સર' પુસ્તક લખ્યું હતું જે ઈ.સ. ૨૦૧૭માં હિંદીમાં પણ પ્રકાશિત થયું. આ બન્ને પુસ્તકો અમેઝોન ઉપર ઉપલબ્ધ છે. પતિ દ્વારા પત્નીને અપાયેલી અનન્ય શ્રદ્ધાંજલિ સમાન આ પુસ્તક છે. આવો, શ્રી સુધીરભાઈ સાથે વધુ સંવાદ સાધીએ.

પ્ર.સ.: નીકટના વર્તુળમાં આપનો પર્યાવરણ પ્રેમ જાણીતો છે, આ વિશે કશુંક કહેશો?

સુધીરભાઈ : ''એક બીજ સે બનતા પેડ, ઉસસે ફલ હોતે હૈ ઢેર...'' આ મારૂં સુત્ર છે. બીજને વેડફો નહિ, વૃક્ષો ઉગાડો. જાંબુના ઝાડ જલ્દીથી મોટા થાય છે. હું દસથી બાર વર્ષના બાળકોને જાંબુના ઝાડ ઉગાડવાનું શીખવું છું. તેઓ જાંબુના ઝાડને ઉછેરે છે ત્યારે જીવન વિષયક અનેક બાબતો તેમને શીખવા મળે છે. પોતાના લક્ષ્યની સંભાળ કેમ લેવી? ધીરજ રાખીને વૃક્ષને મોટું થતું કેમ જોવું? તેનું પોષણ કેમ કરવું? જેવી અનેક બાબતોની સમજ મળે છે. હું પોતે પણ જાંબુના ઠળિયા અને આંબાની ગોટલીઓ વાવું છું અને બજારમાં આવતા ખેડૂતોને જાંબુ અને આંબાના રોપા આપું છું. હું ખેડૂતોની તથા તેમને આપેલા રોપાની માહિતી રાખું છું અને વખતોવખત છોડના વિકાસની જાણકારી તથા ફોટોગ્રાફ મેળવું છું. હું કુદરતને પ્રેમ કરૂં છું તથા તેની સંભાળ લેવા પ્રયત્નશીલ છું.

પ્ર.સ.: સમાજના ઉત્કર્ષ માટે તમે અન્ય કઈ કઈ પ્રવૃત્તિઓ કરો છો?

સુધીરભાઈ : હું અનેક વર્ષો સુધી લાયન્સ ક્લબનો સક્રિય સભ્ય હતો. રક્તદાન તથા ચક્ષુદાન માટે અનેક શિબીરોનું આયોજન કર્યું છે. મેં રક્તદાતાઓનું લીસ્ટ તેમના બ્લડગ્રુપ તથા કોન્ટેક્ટ નંબર સાથે બનાવેલું છે. જે જરૂરતમંદ દર્દીઓને આપું છું આનાથી તેમને જરૂર હોય તે રક્તનો પુરવઠો સમયસર મળી રહે છે. હું બાર જેટલા ચક્ષુદાનમાં સહયોગી રહ્યો છું. આ ઉપરાંત હું સ્વચ્છતા અભિયાનમાં સક્રિય રહું છું.

પ્ર.સ.: હવે આપણે તમારી સાહિત્ય યાત્રા વિશે જાણીએ?

સુધીરભાઈ : શાળા જીવનથી જ હું કાવ્યો લખતો થઈ ગયેલો. હું એકપાત્રીય અભિનય તથા અન્ય સ્ટેજ શોમાં પણ ભાગ લેતો હતો. ત્યારબાદ કૉલેજના મેગેઝીન્સમાં પણ લખતો હતો. સાહિત્ય એકેડેમી-મધ્યપ્રદેશ રાજ્યના પ્રસિદ્ધ સામાયિક સાક્ષાત્કારમાં મારી કવિતાઓ પ્રસિદ્ધ થતી હતી.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

આ સામાયિકના તંત્રી શ્રી સહાની સાહેબ મને ઘણું જ પ્રોત્સાહન આપતા હતા. આ ઉપરાંત મેં અન્ય સામાયિકોમાં પણ લખવાનું શરૂ કર્યું.

મારા પાંચ કાવ્યસંગ્રહો 'ઈન દીનોં કી યાદ મેં' (૧૯૯૪), સીગડી (૧૯૯૯), યહ રાગ કઠીન (૨૦૦૩), ઉલ્લાસ (૨૦૦૫) અને ભાષાઓં કે સમુદ્ર મેં (૨૦૧૯), કિતાબઘર દિલ્હી દ્વારા પ્રકાશિત થયા છે. મારા બે પુસ્તકો ''ઉસકા કેન્સર મેરા કેન્સર (હિંદી) અને 'કેન્સર વેડ્સ કેન્સર' (અંગ્રેજી) મંજુલ પબ્લિશીંગ હાઉસ દ્વારા પ્રકાશિત થયા છે. મારું આગામી પુસ્તક 'કારાવાસ' લોકઉદય પ્રકાશન-લખનૌ દ્વારા પ્રકાશિત થવાનું છે.

પ્ર.સ. : આપને અત્યાર સુધી મળેલા ઍવોર્ડસ વિશે જણાવશો?

સુધીરભાઈ : ૧૯૯૪માં રામવિલાસ શર્મા સન્માન, ૧૯૯૯માં રજા પુરસ્કાર, ૨૦૦૧માં વાઘીશ્વરી પુરસ્કાર, ૨૦૦૪માં જનાર્દન શર્મા સન્માન, ૨૦૦૦માં અભિનવ શબ્દ શિલ્પી સન્માન સહિત અનેક એવોર્ડ્સ મને મળ્યા છે.

પ્ર.સ. : મને નથી લાગતું કે ક.દ.ઓ. જ્ઞાતિના કોઈ કવિના આટલા બધા કાવ્ય સંગ્રહો પ્રકાશિત થયા હોય. પ્રકાશ સમીક્ષા તરફથી આપના આગામી પુસ્તક 'કારાવાસ' માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ક.દ.ઓ. જ્ઞાતિ માટે ખૂબજ ગૌરવની વાત છે કે આપના જેવા પ્રખ્યાત સાહિત્ય સર્જક-કવિ આપણી જ્ઞાતિમાં છે.

સુધીરભાઈ, આપનો ખૂબ ખૂબ આભાર...

**- ડૉ. હીરાચંદ દંડ**


\\ મહાવીરાય નમઃ \\

**સોમનાથ ટુર્સ અને ટ્રાવેલ્સ - કોઠારા**



**અમારી સેવાઓ**



- ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા કચ્છના તમામ શહેરો માટે બંને તરફથી વનવે ભાડામાં આવવા જવા માટે ટેક્ષી
- વનવે તથા રિટર્ન ટ્રીપ માટે વિશેષ સુવિધા
- જૈન તીર્થધામો માટે વિશેષ સુવિધા
- અનુભવી ડ્રાઈવરો સાથે 24 x 7 અને 365 દિવસ કાર્યરત

વધુ માહિતી માટે સંપર્ક કરો **નિરવ મુનવર : 8320965711**


## કલ્પવૃક્ષ યોજના




કલ્પવૃક્ષ યોજના અતિ સંવેદનશીલ પ્રશ્ન છે. સમસ્ત મહાજનને વિનંતી કે જ્ઞાતિના મધ્યમ વર્ગના ઘણા જ પૈસા રોકેલા છે. કચ્છ એકમના માધ્યમથી કચ્છના ઘણા જ સભ્યોએ રોકાણ કરેલું અને અન્ય જ્ઞાતિના લોકોનુ રોકાણ કરાવેલું. પહેલી વખત પ્રકાશ સમીક્ષાના માધ્યમથી વિસ્તૃત જાણકારી મળી છે કે બોન પ્લાંટેશન કંપનીમાં પણ કે.ડી.ઓ. ડારેક્ટર હતા. જ્ઞાતિજનોના હિતમાં સમસ્ત મહાજને આ અંગે યોગ્ય તપાસ કરીને જ્ઞાતિના મધ્યમ વર્ગના લોકોને ન્યાય મળે તે અંગે આગળ આવવું જોઈએ તેવું મારૂં માનવું છે, નમ્ર સજેસન છે.

**- અરવિંદ લાલજી લોડાયા-ગાંધીધામ (વારાપધર)**


**Exclusive Embroidery & Upto date Finishing**

**જ્યોતિ** *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on


**પ.પૂ.સા. શ્રી યશોદયશ્રીજી મ.સા. (નવલ મહારાજ સા.)**

જખ/યક્ષ વીરોના ઉતરાણથી જખૌ તરીકે વિખ્યાત થયેલા અબડાસાની પ્રાચીન બંદર અન પંચતીર્થીમાં રત્નટૂંક જિનાલયથી પ્રસિદ્ધ આ નગરીના પ.પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા. અને જખૌવાસીઓના નવલ મહારાજના સંયમ જીવનના પચાસ વર્ષ પૂરા થતા શાનદાર ''સુવર્ણ મહોત્સવ'' ઉજવવામાં આવ્યો હતો.

માતુશ્રી ધનબાઈ શામજી મોમાયાના ધર્મનિષ્ઠ વિદુષી પુત્રી નવલબાઈને અચલગચ્છાધિપતિ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતાં પ.પૂ. ગુરૂ સાધ્વીજી મહોદયશ્રીજી મ.સા.ના પ.પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજીના નામે શિષ્યત્વ પ્રાપ્ત કર્યું.

યશોદયશ્રીજી મ.સા.નું સંયમ જીવન વિક્રમ સંવત ૨૦૨૮ના વૈશાખ સુદ ત્રીજના દિને પ્રારંભ થઈ સંવત ૨૦૭૮ના સુવર્ણ મહોત્સવના સીમા સ્તંભે પહોચતાં સમસ્ત જખૌવાસીઓ અભિભૂત થઈ વંદન કરી રહ્યાં છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૧૨

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



કચ્છી ધમાલને જીવંત રાખનાર શ્રી ચાંપશીભાઈ, શ્રી લક્ષ્મીચંદભાઈ અને ઈસ્માઈલ ઢોલી.



શ્રીમતી સરોજબેન મૈશેરી (લાલા)

દિનાંક : ૨૦-૧૨-૨૦૨૧નાં અંકથી શરુ કરેલ લેખમાળા ''ચલતે ચલતે''નો ૧૨મો અંક લખવા બેસતા એક વિચાર આવ્યો કે શું આ લેખમાળાને પ્રતિસાદ મળે છે ? જ્ઞાતિના જુદા જુદા ક્ષેત્રનાં કલાકારોની પ્રતિભાઓને વ્યવસ્થિત રીતે રજુ કરી શક્યા છીએ ?

સામાન્ય રીતે અનુભવ એ મળ્યો કે કલા અને સાહિત્યના ક્ષેત્રમાં જ્ઞાતિ પાસેથી અમે કરેલ અપેક્ષામાં અમે ઉણા ઉતર્યા છીએ. ૭૦ વટાવી ચુકેલા કલાકારોનાં સંસ્મરણોના પોપડા ખોતરી ખોતરી માહિતી મેળવવાનાં પ્રયત્નો ૫૦ ટકા નિષ્ફળ ગયા છે. ''હવે કાંઈ યાદ આવતું નથી'' એ ભજવેલ નાટક નૃત્યનાં કોઈ સાંયોગીક પુરાવા રૂપ ફોટા અમારી પાસે નથી.

પણ આશા અમર છે નો સિદ્ધાંત અપનાવી કવિ વીર નર્મદને યાદ કરી ''યા હોમ કરીને પડો ફતેહ છે આગે'' સિદ્ધાંતને વળગી, અમારી ખોજ ચાલુ રાખી અને ''શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળ''નાં લેખ માટે સ્વ. શ્રી ચાંપશીભાઈ નાગડા ધમાલ રમતા હોય અને ''ઈસ્માઈલ ઢોલી'' ઢોલ વગાડતો હોય એવો એક ફોટો શ્રીમતી સરોજબેન મૈશેરી (લાલા-કોપરખેરને)એ પોતાના લગ્નનાં આલ્બમમાંથી ખેંચીને અમને મોકલી આપ્યો એમને અમારા શત શત વંદન.

અંક ૧૦માં આપેલ ''ચલતે ચલતે''નાં પાન ઉપરની જાહેરાત જોઈ જયેષ્ઠ નાગરિક શ્રી નવિનચંદ્ર કેશવજી મૈશેરી (સિંધોડીનાની-ડોંબીવલી પૂર્વ)એ પુત્રવધુ શ્રીમતી દિપ્તી કૃણાલ મૈશરીને વિનંતી કરી કે પૌત્રી ''મોનીશા''ની વિગતવાર માહિતી પ્ર.સા.ને મોકલી આપે. ૧૧ વર્ષની ઉગતી ઉંમરે વર્ષ ૨૦૧૬માં ડોંબીવલી જીમખાના આયોજીત સાંસ્કૃતિક ઉત્સવમાં ભાગ લઈ આજે નૃત્યનાં ક્ષેત્રમાં મોનીશા સફળતાની કેડી કંડારી રહી છે. તેની સફળતા પાછળ અથાગ મહેનતનાં રહસ્યો આવતાં અંકોમાં પ્રસિદ્ધ કરવા છે. અમારી આશાની મશાલ વધુ પ્રજ્વલિત થઈ.

આવતા અંકોમાં પ્રસિદ્ધ થનારા લેખોનો ખજાનો તૈયાર છે પણ અમારા સંશોધનકાર તે ખજાનાને સુક્ષ્મદર્શક કાચથી ચકાસી રહ્યા છે જેથી જ્ઞાતિને એ માહિતીથી કાંઈક જાણવા, માણવા કે જુના સંસ્મરણોમાં ખોવાઈ જવા તક મળશે.

આગામી અંકોની ઝલક (૧) નૃત્ય ઝંકાર કુ. મોનીશા દિપ્તી કૃણાલ મૈશરી - ઉગતા કલાકાર (૨) શ્રી રાજુ ઢોલી (રાજેન્દ્ર પિતામ્બર ડાઘા, વરાડીયા-ભાંડુપ પશ્ચિમ) ઢોલના તાલે ભલભલાને નચાવનાર, (૩) શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળની સુર્વણ ગાથા, (૪) શ્રી મહારાષ્ટ્ર એકમ આયોજીત ''યુથ'' કાર્યક્રમો ૧૯૯૨ થી ૧૯૯૯, અને છેવટે (૫) ચલતે ચલતેના લેખક (સોમ ધરમશી), સંશોધનકાર (શ્રીમતી હિરા ખોના), સ્વ. શ્રી નેણશી દેવશી ખોનાની ત્રિપુટીએ ભજવેલા નાટકો.

સુજ્ઞ જ્ઞાતિજનોને અમારી નમ્ર વિનંતી અંક ૧૦માં આપેલ જાહેરાત ઉપર વિચાર કરી આપ કે આપનાં કોઈ કુટુંબીજનોમાં કે આપના પરિચયમાં કોઈ કલા કે સાહિત્યનાં ક્ષેત્રમાં વિશેષ તપસ્યા કરી સફળતા મેળવી હોય તો અમારો સંપર્ક ૯૭૨૬૭ ૭૬૬૨૭ ઉપર કરવા વિનંતી. પ્ર.સા. આપનું જ છે માહિતી વિગતસભર હશે તો જરૂર પ્ર.સા.ના પાના પર ''ચલતે ચલતે''માં પ્રસિદ્ધ થશે. રાહ શેની જુઓ છો... ઉઠાવો ફોન... લગાડો નંબર... વધુ આવતાં અંકે...



પારિતોષિક મેળવતા કુ. મોનીશા



આપણી જ્ઞાતિના એકમેવ ઢોલી શ્રી રાજુભાઈ




મ. એકમ સંમેલનનું સંચાલન કરતાં લેખક



કચ્છ રત્ન શ્રી નરશીભાઈ (અધ્ધા)ની યાદમાં સ્મૃતિચિહ્ન

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)

## ૭ મી ધ્વજારોહણ



## આમંત્રણમ્

॥ શ્રી વાસુપૂજ્ય સ્વામી નમઃ ॥ ॥ શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-
કવિન્દ્રસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગરસૂરીભ્યો નમઃ

# શ્રી નાની ખાવડી કચ્છી દશા ઓશવાલ અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ

મુ.નાની ખાવડી, પોસ્ટ સિક્કા, જીલ્લો-જામનગર, સૌરાષ્ટ્ર-૩૬૧૧૪૦
મુંબઈ સરનામું : શ્રી પંકજ પાસવીર લુઢીયા, ૨૧૨/૧૪, સિતારામ ભવન, સાયન હોસ્પિટલની સામે, સાયન (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૨૨. ફોન : ૬૬૩૦૫ ૦૬૦૭૦

''જેના વદનનું તેજ નીરખી, સૂર્ય આકાશે ભમે....
વળી નેત્રના શુભ પિયુષ પામી, ચંદ્ર નિશા એ જગે....
જેની કૃપા દ્રષ્ટિ થકી, આ વાદળાઓ વરસતા....
ચિંતામણી પ્રભુ પાર્શ્વને, ભાવે કરૂં હું વંદના....''

શુભ મંગલ પ્રેરણા :
સ્વાધ્યાય પ્રેમી પ.પૂ.સા.શ્રી મહોદયાશ્રીજી મ.સા.,
પ.પૂ.સા.શ્રી યશોદયાશ્રીજી મ.સા.

પરમ આત્મીય ધર્મસ્નેહીઓ....
હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે ''શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની સાતમી ધ્વજારોહણની'' પુનિતપળો જેઠ સુદ ૧૩ ને રવિવાર તા.૧૨-૬-૨૦૨૨ ના આપણા આંગણે આવી રહી છે.

''મનમાં ઝૂમી રહ્યા છે, પ્રસન્નતા ના તરંગ...,
ભવ્ય ધ્વજારોહણનો, છે અનેરો ઉમંગ...''

**૭મી ધ્વજારોહણ નો લાભ સાયન નિવાસી માતુશ્રી રતનબેન પાસવીર લુઢિયા હસ્તે : નિશા પંકજ લુઢિયા પરિવારે લીધેલ છે.**

### ત્રિ હા નિ કા મ હો ત્સ વ

**શુક્રવાર : ૧૦/૬/૨૨**
સવારે : ૮.૦૦ વાગે સ્નાત્ર પૂજા
બપોરે : ૩.૦૦ વાગે
''ગિરનાર વંદના અનુષ્ઠાન''
સાંજે : ૭.૦૦ થી રાત્રે ૧૧.૦૦
પ્રતિક્રમણ, આરતી- મંગલ દીવો તથા ભાવના

**શનિવાર : ૧૧/૬/૨૨**
સવારે : ૭.૦૦ વાગે સ્નાત્ર પૂજા
સવારે : ૮.૩૦ વાગે
''અઢાર અભિષેક''
બપોરે : ૩.૦૦.
''નમીઉણ પૂજન''
સાંજે : ૭.૦૦ થી રાત્રે : ૧૧.૦૦
પ્રતિક્રમણ, વર્ષ-૨૦૨૩ ની ધ્વજાની બોલી આરતી-મંગલ દીવો તથા ભાવના.

**રવિવાર : ૧૨/૬/૨૨**
સવારે : ૭.૦૦ વાગે સ્નાત્ર પૂજા
સવારે : ૯.૦૦ વાગે ધ્વજા નો વરઘોડો ત્યાર બાદ ''સત્તર ભેદી પૂજા'' શરૂ કરવામાં આવશે...
અને ''ધ્વજા શુભ મુહૂર્ત''
વર્ષ ૨૦૨૩ ની ધ્વજા નો આદેશ તથા શાંતિ કળશ....
બપોરે ૩.૩૦ થી ૫.૦૦
''૧૦૮ પાર્શ્વ નવકાર અનુષ્ઠાન''

આ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવનું આયોજન કરેલ છે. મહોત્સવને આનંદ, ઉત્સાહ અને ઉમંગથી.. માણવા આપ સૌ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આત્મીય આમંત્રણ છે.

ખાસ નોંધ : ધ્વજારોહણમાં પધારેલ સર્વે ભાવિકો માટે શુક્રવાર તા.૧૦/૬/૨૨ સવાર થી રવિવાર તા.૧૨/૬/૨૨ સાંજ સુધીની સાધર્મિક ભક્તિ તથા વ્યવસ્થા સંઘ તરફથી કરવામાં આવશે.

**મહોત્સવના કાર્યક્રમનું સંચાલન સરલાબેન મ.લોડાયા કલવાવાળાનું શ્રી અભિનંદન મહિલા મંડળ દ્વારા કરવામાં આવશે.**

આધારસ્તંભઃ ત્રિહાનિકા મહોત્સવનો ખર્ચ આપ સર્વે ગામવાસીના સહકારથી સરભર થાઈ એજ અપેક્ષા.
આધારસ્તંભ દાતાનો નકરો રૂ.૭૫૦૦/- રાખવામાં આવેલ છે.
આપના અમૂલ્ય સહકારની સંઘ અપેક્ષા રાખે છે. આપ સર્વે સહકાર આપશોજી..

-: નિમંત્રક :-
**શ્રી નાની ખાવડી કચ્છી દશા ઓશવાલ અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ**

આરોગ્ય
પ્રકાશ

# ફળ – શાકભાજીના રસ, કરશે ચોખ્ખી શરીરની નસે નસ...

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), M : 8369077978



ડાયાબીટીસ અને હાય બ્લડપ્રેશરની બિમારી આવે એટલે લાગે કે હવે તો જીવનભર દવા ચાલુ રહેશે, પણ ફળ અને શાકભાજીના રસ આવા હઠીલા દર્દ કે કેન્સર જેવી ભયંકર બિમારીને પણ કાબુમાં લાવે છે... તો આપણે અહીં જાણીએ કે ફળ શાકભાજીનાં રસનો ઉપયોગ અને તેનાથી દૂર થતા દર્દો વિશે.

**ફળ અને શાકભાજીના રસ વિશે સાવચેતી :**

૧. ફળ શાકભાજીના રસ એટલે તાજા કાઢેલા જ લેવા બજારમાં મળતા તૈયાર પેકેટ્સ-જેમાં સ્વીટનર અને પ્રીઝર્વેટીવ નાખ્યા હોય તેથી તે રસ પીવા નહીં.

૨. ફળ હોય કે શાક તેનો ઉપયોગ કરતાં પહેલાં સાધારણ ગરમ કે ઠંડા પાણીમાં ખાવાનો સોડા નાખી ૧૫ મિનીટ પલાળી રાખવા જેથી તેની ઉપર લાગેલો કચરો, માટી, જંતુનાશક દ્રવ્ય દૂર થાય.

૩. ફળ-શાકભાજી તાજા વાપરવા, વધારે પાકી ગયેલા કે દેખાવમાં વાસી લાગે તેવા વાપરવા નહીં.

૪. શક્ય હોય ત્યાં સુધી રસ ગાળ્યા વિના પીવું જેથી તેમાં રહેલા રેષા (ફાઈબર)નો પણ ફાયદો મળે.

૫. રસ પાણીની જેમ ગટગટાવી ન જતાં, એક એક ચમચી મોમાં રાખી લાળ સાથે ભળે તેમ મમળાવી પછી ગળા નીચે ઉતારવું લાળમાં પાચક રસો અને જંતુઘ્ન (બેક્ટેરીયાનો નાશ) કરે તેવા ગુણ છે.

૬. રસમાં કદીએ સાકર અને મીઠા (નમક)નો ઉપયોગ ન કરવો, મરી અને લીંબુ ઉમેરી શકાય.

૭. આદુ, ડુંગળી (કાંદા), લીલી હળદરનો રસ લેતા હો તો ૨૦-૨૫ મી.લી. લેવું અને લસણનો રસ લેવો હોય તો એક ચમચાથી વધુ નહીં.

૮. **ખાસ :** ડાયાબીટીઝના દર્દી શાકભાજીનો રસનો ઉપયોગ કરી શકે પણ ફળના રસ પીવા કરતાં ફળ ખાવા જ યોગ્ય છે. કારણ ફળના રસમાં કેલેરી વધુ હોય, વધુ ફળનો ઉપયોગ થાય તેથી શર્કરાનું પ્રમાણ પણ વધે.

**કયા રોગમાં કયા શાકભાજી અને ફળનો રસ ઉપયોગી તે જાણીએ.**

૧. ગાજરનો રસ યુરીક એસિડને શરીરમાંથી કાઢી નાખે છે. એટલે 'ગાઉટ' રોગથી બચી શકાય. ગાજર ખરજવામાં ફાયદાકારક. ચાવીને ગાજર ખાવાથી દાંત મજબુત થાય છે. અને ગાજરનો રસ પીવાથી આંખોની શક્તિ વધે.

૨. આમળાનો રસ વિટામીન 'સી' નો ભરપૂર સ્ત્રોત જે રોગપ્રતિકારક શક્તિ વધારે, આંખ, વાળ, ત્વચા માટે ઉત્તમ, વીર્ય વૃદ્ધિ પણ કરે.

૩. સફરજન ડૉક્ટરથી જ આપણને દૂર રાખે અર્થાત દરેક રોગથી દૂર રાખે. સફરજનનો રસ એસીડીટી, અપચો, કીડની અને જ્ઞાનતંતુના રોગમાં રાહત આપે.

૪. કારેલાનો રસ ડાયાબીટીઝના દર્દી માટે ઉત્તમ, કારેલાનો રસ કરમીયા અને કીડની સ્ટોન દૂર કરે. કોઢ મટાડે. ઉધરસ મટાડે.

૫. કાકડીનો રસ પીવાથી ડાયાબીટીસમાં ફાયદો અને ગાઉટમાં ફાયદો કરે, વજન ઉતારવામાં મદદ કરે.

૬. ચોળીની શીંગથી ઈન્સ્યુલીન વધુ ઉત્પન્ન થાય, તેથી બોર્ડર લાઈન પર રહેતા ડાયાબીટીસના રીપોર્ટમાં એ ખૂબજ ઉપયોગી બને. તેમજ ડાયાબીટીસને કાબુમાં લાવે.

૭. કાળી દ્રાક્ષ-કીસમીસ એનીમિયા મટાડે, હરસ મટાડે, શરીરની ગરમીમાં ખૂબ રાહત આપે, અને કબજીયાત મટાડે.

૮. પેરૂના રસથી કબજીયાત મટે, શક્તિ વધે અને શુક્રાણુ પણ વધે.

૯. આદુનો રસ ગેસ ઘટાડે, ઉધરસ મટાડે, હૃદયરોગને અટકાવે, ગળા અને સાયનસમાં ભરાયેલ કફને દૂર કરે. માથું વધુ દુઃખતું હોય તો નાકમાં આદુના રસના બે ટીપા નાખવાથી રાહત થાય

૧૦. સફેદ ડુંગળીના રસમાં એક ચમચી ઘી મેળવી પીવાથી પેટના રોગ-દુઃખાવો-ગેસ અને એસીડીટી મટે તેમજ વાયરસથી થતા રોગથી આપણને બચાવે.

૧૧. લસણનો રસ પીવાથી વાયરસ-બેક્ટેરીયાનો નાશ કરે તેથી પેટના રોગમાં આરામ મળે. બી.પી. ઘટાડે, શરીર જકડાઈ ગયું હોય તો ઘણી રાહત મળી રહે.

૧૨. કોબીજનો રસ એસીડીટી દૂર કરે, હોજરી અને આંતરડાના ચાંદા મટાડે. ઉધરસ મટે, વિટામીન બી-કોમ્પ્લેક્ષ વધે.

૧૩. લીંબુનો રસ આંતરડામાં રહેલા બેક્ટેરીયાનો નાશ કરે, હૃદયરોગ સામે રક્ષણ આપે, મગજને શાંતિ આપે, ચેપી

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા – રવા (ચેમ્બુર)**

રોગથી બચાવે. લીંબુમાં રહેલ વિટામીન 'સી' રોગપ્રતિકારક શક્તિ વધારે. લોહીની નળીઓને મજબૂત બનાવે અને બી.પી. કાબુમાં રાખે. હુંફાળા પાણીમાં સવારે નરણે કોઠે લીંબુ નાખી પીવાથી વધારાની ચરબી દૂર થાય.

૧૪. કોથમીરનો રસ ઠંડક આપે, હિમોગ્લોબીન સુધારે, આંખની શક્તિ વધારે, પાચનક્રિયા સુધારે.

૧૫. પાલખનો રસ એનીમિયા દૂર કરે, લોહી વધારે, ઉધરસ મટાડે, પેટ સાફ રાખે.

૧૬. ફૂદીનાનો રસ ભૂખ મટાડે, ઉધરસ મટાડે, પેટના રોગમાં ઉપયોગી, પાચનક્રિયા સુધારે.

૧૭. તુલસીના રસથી ગેસ મટે, કૃમિનો નાશ થાય, ઉલ્ટી મટે, ઉધરસ મટે.

૧૮. લીલા પાંદડાવાળી ભાજી-મેથી, તાંદળજો, અન્ય સર્વ શરીરમાં આયર્ન વધારે, લોહી શુદ્ધ કરે તેમજ એસીટીડીને દૂર કરે.

૧૯. ટમેટાના રસના ઉપયોગથી વિટામીન 'એ' મળે જે આંખની તકલીફ ઘટાડે, ડાયાબીટીસમાં રાહત આપે, કીડનીને વધુ કાર્યક્ષમ બનાવે.

૨૦. દૂધીનો રસ ઠંડક આપે, ગેસ ઓછો કરે, એસીડીટી મટે.

૨૧. બીટમાં આયર્નનું પ્રમાણ વધુ જે હિમોગ્લોબીન જલ્દી વધારે. પેટ સાફ રાખે.

૨૨. મૂળા અને મૂળાની ભાજી લોહી સુધારે, કબજીયાત મટાડે, કીડનીને કાર્યક્ષમ બનાવે.

૨૩. પપૈયાનો રસ લીવર માટે ફાયદાકારી, પાચનક્રિયામાં ઉપયોગી બની કબજીયાત મટાડે, પેશાબના રોગમાં ખૂબ રાહત આપે.

૨૪. અનાનસનો રસ વિટામીન 'સી' વધારે, કૃમીનો નાશ કરે, ગેસ મટાડે.

૨૫. સંતરાની પેશીનો સફેદ કવર (ફાઈબર) માં કેલશિયમ ખૂબ મળે તેથી રસ પીવા કરતાં સંતરા ખાવા જે હાડકા અને દાંતને મજબૂત કરે, એલર્જી કફ-દમમાં રાહત આપે.

૨૬. મોસંબી વિટામીન 'સી' થી ભરપૂર શક્તિ આપે અને સંતરાની જેમજ મોસંબી ખાવી ફાયદાકારી.

૨૭. તરબૂચ, શક્કરટેટીનો રસ ઠંડક આપે કીડનીની ક્ષમતા વધારે, કબજીયાત મટાડે.

૨૮. લીલા અંજીરથી પેશાબના દર્દ મટી જાય, સુકા અંજીર ખાંસી મટાડે, લોહી સુધારે.

૨૯. જાંબુના ઉપયોગથી આયર્ન વધે તેથી જ શરીરમાં સ્ફુર્તિ વધે. લીવરના રોગ પણ મટાડે.

૩૦. કોળાનો રસ કરમીયાનો નાશ કરે, પેટના રોગ મટાડે. કોળાનો રસ પ્રોસ્ટેટ ગ્રંથીની તકલીફ દૂર કરે.

# શ્રી ક.દ.ઓ. જૈન કોઠારા જ્ઞાતિ મહાજન કોઠારા

તા. અબડાસા, કોઠારા - કચ્છ, પીન કોડ - ૩૭૦ ૬૪૫. ફોન: ૦૨૮૩૧-૨૮૨૨૩૫ મો.: ૯૭૧૨૦૮૨૨૩૫

**મુંબઈ કાર્યાલય:** C/o. કે.એન. અજાણી, ૧૩૭ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩. ફોન: ૨૩૪૦ ૦૨૫૧ (સમય : ૪ થી ૬)

## શ્રી કોઠારા તીર્થે ચાતુર્માસ પ્રવેશ અને શ્રી પર્યુષણ મહાપર્વે પધારવા

## ★★★★★★★★ ભાવભર્યું આમંત્રણ ★★★★★★★★

શ્રી સંઘના પરમ પુણ્યોદયે રાજસ્થાન દિપક, સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિશ્રી **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા આશીષથી વાત્સલ્યનિધિ ગુરૂમૈયા પ.પૂ. સાધ્વી શ્રી રત્નત્રયાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. સાધ્વી શ્રી જગતત્રયાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૧** નું ચાતુર્માસ કોઠારા તીર્થને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીઓનું ચાતુર્માસ પ્રવેશ **અષાઢ સુદ ૧૩ને સોમવાર, તા. ૧૧-૦૭-૨૦૨૨** ના શુભ દિવસે સવારના થશે. તો આ પાવન પ્રસંગે સર્વે કોઠારાવાસીઓ તથા જ્ઞાતિજનોને કોઠારા તીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ. સોમવાર, તા. ૨૪-૦૮-૨૦૨૨ ના પર્યુષણ મહા પર્વ શરૂ થાય છે તો ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વ પધારવા હાર્દિક આમંત્રણ. ચાર્તુમાસના ચાર મહીના આરાધના કરવા માટે શ્રી કોઠારા મહાજન સહર્ષ આમંત્રણ આપે છે. સ્થાનિકે બધી સગવડો ઉપલબ્ધ છે. ઈચ્છુક આરાધકોએ કોઠારા તીર્થની મુંબઈ ઓફીસ અથવા સ્થાનિકે જાણ કરવા વિનંતી. **સરકારી નીયમોના ધારાધોરણ મુજબ જે નીયમ હશે તે પ્રમાણે ચાલવું પડશે.**

### શૈક્ષણિક સહાય-સ્કુલ કોલેજ ફી માટે

**શ્રી ક.દ.ઓ. જૈન કોઠારા જ્ઞાતિ મહાજન કોઠારા** દ્વારા નિવેદન કરવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો. ૧ થી ૧૦ તથા કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા સર્વે કોઠારાના જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કુલ/કોલેજ ફી માટે અરજીપત્રક ટ્રસ્ટની મુંબઈ ઓફીસે તથા કચ્છ કોઠારા ઓફીસે ઉપલબ્ધ છે. અરજીપત્રક ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગત ભરી ટ્રસ્ટની મુંબઈ ઓફીસે મોકલી આપવા વિનંતી.

**શૈક્ષણિક સહાય ફંડમાં જેમણે ફાળો નોંધાવેલ છે તેઓએ વહેલી તકે રકમ મોકલી આપવા નમ્ર વિનંતી.**

**શૈક્ષણિક સહાય ફંડમાં સહભાગી થવા ગામવાસી ભાઈ-બહેનોને નમ્ર અપીલ કરવામાં આવે છે.**

UPASANA - 9820167767

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ||     ટ્રસ્ટ રજી. નંબર : E – ૫૬૪ (કચ્છ)

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ)

ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૧-૨૨૨૩૩૭

## ચાતુર્માસ રંગ વધામણાના અવસરે

**ચાતુર્માસ પ્રવેશ**

જ્ઞાતિ શિરોમણિ શેઠ **શ્રી નરશી નાથા પરિવાર**
સ્વદ્રવ્યથી નિર્મિત શ્રી ચંદ્રપ્રભસ્વામિ જિનાલય થી મંડિત
તથા અન્ય જિનાલયો થી શોભિત નલીનપુર નગરે

**શુક્રવાર તા. ૧-૭-૨૦૨૨**

### ❖ દિવ્યકૃપા દૃષ્ટિ ❖

શાસનસમ્રાટ, રાષ્ટ્રસંત, ભારત દિવાકર અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

જિનશાસન શિરોમણિ, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

### ❖ તારક આજ્ઞા પ્રદાન એવં આશિષ વૃષ્ટિ ❖

સૌમ્ય સ્વભાવી સંઘવત્સલ્ય, રાજસ્થાન દીપક અચલગચ્છાધિપતિ
**પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

### ❖ આશિષ અમી વૃષ્ટિ ❖

શિવમસ્તુતીર્થના સ્વપ્નદષ્ટા એવં પ્રેરક **પ.પૂ. મુનિરાજ શ્રી મહાભદ્રસાગરજી મ.સા.**
શિવમસ્તુતીર્થ, સમવસરણ જિનાલયના સમર્થશિલ્પી **પ.પૂ. ઉપાધ્યાય ભ.શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.**

### ❖ ચાતુર્માસિક નિશ્રા ❖

પ.પૂ. ઉપાધ્યાય ભ. ના શિષ્યરત્નો
**પ.પૂ. પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા.**
**પ.પૂ. મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા. આદિઠાણા-૨**

અષાઢ સુદ-૦૩, **શુક્રવાર તા. ૧ જુલાઈ ૨૦૨૨** ના દિવસે ચાતુર્માસ પ્રવેશ કરશે. ચાતુર્માસ દરમ્યાન શ્રી સંઘમાં સૂત્રાધિકારે **શ્રી ધર્મરત્ન પ્રકરણ ગ્રંથ** તથા **શ્રી ઋષિદત્તા ચરિત્ર** વંચાશે. ગામવાસી ભાઈ બહેનાને પધારવા તથા દર્શન-વંદનનો લાભ લેવા ભાવભરી વિનંતી.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી**
**સર્વે ટ્રસ્ટી ગણ**

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ વિક્રમ સંવત ૨૦૭૮ શ્રાવણ વદ ૧૩ ને **બુધવાર તા. ૨૪–૦૮–૨૦૨૨** થી ભાદરવા સુદી ૫ **બુધવાર તા. ૩૧–૦૮–૨૦૨૨** સુધી ના સર્વે ગામવાસી ભાઈઓ બહેનો તથા નિયાણી બહેનોને પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં આરાધના કરવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. પર્વમાં પધારનાર ભાવિકોને **તા. ૧૫–૦૮–૨૦૨૨** સુધી નલીયા પેઢી ઉપર મેનેજર **ભાવેશ** – ફોન નં. 7359771949 પાસે લખાવવા વિનંતી. જેથી રહેવાની સગવડ કરવા સરળતા રહે. રહેવાની સગવડ સામુહિક ધોરણે કરવામાં આવશે. ચાતુર્માસ તથા પર્યુષણ પર્વના આરાધના ખર્ચને પહોંચી વળવા નીચે મુજબ નકરા નક્કી કરેલ છે.

**ગોલ્ડન દાતાશ્રી : રૂા. ૨૧૦૦૦/-**     **સીલ્વર દાતાશ્રી : રૂા. ૧૧૦૦૦/-**

તો સર્વે ગામવાસીઓ તથા જ્ઞાતિજનોએ ઉદાર દિલે લાભ લેવા વિનંતી.

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ || **ટ્રસ્ટ રજી. નંબર : E - ૫૬૪ (કચ્છ)**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ)

ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૧-૨૨૨૩૩૭

## ૩૧ મી માર્ચ ૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષનું મહાજન આવક-જાવક પત્રક

| આવક | | રકમ | ખર્ચ | | રકમ |
|---|---|---|---|---|---|
| દુકાન ભાડા | | ૨૪૩૦૦.૦૦ | રીપેરીંગ તથા મરામત | | ૬૦૪૩૦.૦૦ |
| વ્યાજ આવક | - | | વહીવટી ખર્ચ | - | |
| બેંક એફ.ડી. ખાતા ઉપર | ૬૫૫૫૬૩.૦૦ | | સ્ટાફ પગાર, બોનસ | ૨૨૨૭૦૦.૦૦ | |
| ચાલુ ખાતા ઉપર | ૬૩૫૧૩.૦૦ | | બેંક કમીશન તથા પોસ્ટ | ૧૩૪૬.૪૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ ઉપર | ૪૩૨૬.૦૦ | ૭૨૩૪૦૨.૦૦ | જાહેરાત ખર્ચ | ૧૧૦૦૦.૦૦ | |
| દાન ખાતે જમા | - | | પ્રીન્ટીંગ સ્ટેશનરી | ૮૨૯૬.૦૦ | |
| સાધર્મિક ભક્તિ ફંડ | ૭૨૬.૦૦ | | ટેલીફોન ખર્ચ | ૧૫૨૫.૦૦ | |
| આયંબીલ ખાતે ભેટ | ૧૯૨૯૩.૦૦ | | ઓફીસ ખર્ચ | ૭૪૩૨.૦૦ | |
| સાધુ-સાધ્વી વૈયાવચ્ચ | ૩૦૨.૦૦ | | મુસાફરી ખર્ચ | ૧૧૦૦.૦૦ | |
| સંઘ જમણ ભેટ | ૨૭૭૭૬૨.૦૦ | | લાઈટ બીલ | ૪૦૪૯૨.૦૦ | ૨૯૩૮૯૧.૪૦ |
| સાધારણ ખાતે ભેટ | ૯૩૭૭૩.૦૦ | | ઓડીટ ખર્ચ | | ૩૭૧૭૦.૦૦ |
| સર્વ સાધારણ ભેટ | ૮૦૦૦.૦૦ | | ચેરીટી કમીશનર ફાળો | | ૧૪૩૪૯.૦૦ |
| જ્ઞાતિ સંમેલન ખાતે જમા | ૩૩૭૧૧૧.૦૦ | ૭૩૬૯૬૭.૦૦ | ઘસારો | | ૩૨૭૧૦.૦૦ |
| સગપણ લાગા નોંધણી ખાતે | | ૨૫૧.૦૦ | આર ઓ પ્લાન્ટ, નુકશાની | | ૯૬૭૬.૦૦ |
| ચાલુ સાલે આવકથી ખર્ચ વધારે નુકશાની | | ૨૫૧૧૪.૪૦ | ધાર્મિક ખર્ચ | | |
| | | | સાધારણ ખર્ચ | ૧૩૫૬૦૨.૦૦ | |
| | | | સાધારણ દાન ખર્ચ | ૨૫૧૦૦૧.૦૦ | |
| | | | સાધુ-સાધ્વી વૈયાવચ્ચ | ૭૧૩૮૮.૦૦ | |
| | | | ચાતુર્માસ ખર્ચ | ૨૪૦૦.૦૦ | |
| | | | આયંબીલ ખર્ચ | ૩૩૦૯૧.૦૦ | |
| | | | સંઘ જમણ ખર્ચ | ૪૪૬૩૨૬.૦૦ | |
| | | | જીવદયા ખર્ચ | ૨૨૦૦૦.૦૦ | |
| | | | સાધર્મિક ભક્તિ ખર્ચ | ૧૦૦૦૦૦.૦૦ | ૧૦૬૧૮૦૮.૦૦ |
| કુલ ₹ | | **૧૫૧૦૦૩૪.૪૦** | કુલ ₹ | | **૧૫૧૦૦૩૪.૪૦** |

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૧ સુધીનું પાકુ સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ | લેણાં | | રકમ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ ખાતે જમા | | ૨૮૯૮૫૬૦.૭૫ | સ્થાવર મિલકત પરિ નં. ૨ મુજબ | | ૮૫૦૩૯૯૬.૦૦ |
| આજીવન સભ્યપદ ફી | | ૨૮૨૭૦૦.૦૦ | રોકાણ F.D. ICCI બેંક નલીયા | | ૫૦૦૦૦૦૦.૦૦ |
| ભોજનશાળા ફંડ | | ૬૩૬૭૬૩૭.૧૩ | સ્ટોક તથા ફર્નીચર પરિ ૩ મુજબ | | ૧૯૮૭૯૨.૦૦ |
| ઉપાશ્રય બાંધકામ ફંડ | | ૫૭૮૦૦૦.૦૦ | ઈલેક્ટ્રીસીટી મીટર ડીપોઝીટ | | ૧૬૭૨૨.૦૦ |
| અંકિત ખાતા - પરિ નં. ૧ મુજબ | | ૧૩૦૪૮૩૭.૩૫ | વ્યાજ વસુલાત આવવાનો | | ૬૭૫૫૯૦.૦૦ |
| આવક જાણ ખાતે | | | ઈનકમ ટેક્ષ ટી.ડી.એસ | | ૬૪૩૨૧.૦૦ |
| ગઈ સાલ સુધી જમા | ૩૪૭૯૬૦૬.૯૪ | | રોકડ તથા બેંક બેલેન્સ | | |
| ચાલુ સાલનો નુકશાની | ૨૫૧૧૪.૪૦ | ૩૪૫૪૪૯૨.૫૪ | SBI બેંક નલીયા | ૩૩૪૭૫૨૩.૯૧ | |
| ઈનકમ ટેક્ષ કાયદાપ્રમાણે | | | ICICI બેંક નલીયા | ૧૬૭૧૯૦.૧૧ | |
| એકમ્યુલેટ | | | અરિહંત બેંક, મુલુંડ | ૧૧૨૧૮૨.૨૩ | |
| વર્ષ ૨૦૧૭-૧૮ | ૧૩૭૭૯૯૦.૦૦ | | P.N.B. મુંબઈ | ૧૪૨૯૬૧.૫૨ | |
| વર્ષ ૨૦૧૯-૨૦ | ૨૦૨૫૦૦૦.૦૦ | ૩૪૦૨૯૯૦.૦૦ | શ્રી પુરાંત કેશ | ૫૯૯૩૯.૦૦ | ૩૮૨૯૭૯૬.૭૭ |
| કુલ ₹ | | **૧૮૨૮૯૨૧૭.૭૭** | કુલ ₹ | | **૧૮૨૮૯૨૧૭.૭૭** |

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

તા. ૧૭-૧૧-૨૦૨૧ ઓડીટર્સ : **લાલકા એન્ડ લાલકા** (LLP) (ગાંધીધામ - કચ્છ)

।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ।। ટ્રસ્ટ રજી. નંબર : ઈ - ૧૦૫૧ (કચ્છ)

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા (કચ્છ)

નલીયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦૬૫૫.

## ૩૧ મી માર્ચ ૨૦૨૧ ના રોજ પુરા થતા વર્ષનું મહાજન આવક-જાવક પત્રક

| આવક | | રકમ |
|---|---|---|
| B.S.N.L. ટાવર ભાડા | | ૭૫૯૦૦.૦૦ |
| મકાન ભાડા | | ૨૪૦૦.૦૦ |
| વ્યાજ | | |
| બેંક F/D ખાતા પર | ૬૧૨૬૦૯.૨૫ | |
| બેંક S/B ખાતા પર | ૬૬૩૦૪.૦૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ પર | ૨૮૩૭.૦૦ | ૬૮૧૭૫૦.૨૫ |
| રોકડ તથા વસ્તુ ભેટ | | ૩૦૮૨૬૮૪.૦૦ |
| સરકારી સબસીડી | | ૭૬૦૮૦૦.૦૦ |
| અન્ય આવક | | |
| ખેતર ભાડો | ૧૧૦૦૦.૦૦ | |
| ઢોર વેચાણ | ૯૪૫૦૨.૦૦ | |
| ખાતર વેચાણ | ૫૮૦૦૦.૦૦ | |
| ઢોર ભાડા | ૧૮૦૦૦.૦૦ | |
| ખાલી બારદાન વેચાણ | ૪૩૫.૦૦ | |
| દૂધ, ઘી, છાસ વેચાણ | ૭૨૮૪૯૧.૦૦ | ૯૧૦૪૨૮.૦૦ |
| કુલ ₹ | | **૫૫૧૩૯૬૨.૨૫** |

| ખર્ચ | | રકમ |
|---|---|---|
| મિલ્કત ગોડાઉન રીપેરીંગ ખર્ચ | | ૬૬૧૮૮.૦૦ |
| વહીવટી ખર્ચ | - | |
| સ્ટાફ પગાર, બોનસ | ૨૧૧૨૦૦.૦૦ | |
| લાઇટ બીલ | ૬૦૫૫.૦૦ | |
| પોસ્ટ તથા કુરીઅર ખર્ચ | ૧૬૫૯૬.૦૦ | |
| પ્રીન્ટીંગ સ્ટેશનરી | ૭૭૫૨.૦૦ | |
| મુસાફરી ખર્ચ | ૨૨૪૦.૦૦ | |
| પેટ્રોલ તથા રીપેરીંગ | ૮૯૯૦.૦૦ | |
| જાહેરાત ખર્ચ | ૮૪૦૦.૦૦ | |
| સભ્ય ફી | ૧૧૦૦૦.૦૦ | |
| સ્ટાફ ગ્રેજ્યુટી ખર્ચ | ૧૦૦૦૦૦.૦૦ | |
| બેંક કમીશન | ૬૪૫.૭૫ | ૩૭૨૮૭૮.૭૫ |
| ઓડીટ ફીસ | | ૩૫૪૦૦.૦૦ |
| ચેરીટી ફાળો | | ૩૨૬૮૧.૦૦ |
| ફરનીચર મરામત | | ૧૯૮૫.૦૦ |
| મોટરબાઈક ઘસારો | | ૮૬૪૩.૦૦ |
| ખેતી વાળી ખર્ચ | | ૧૦૮૩૧૦.૦૦ |
| અન્ય પરચુરણ ખર્ચ | | ૫૯૪૦.૦૦ |
| પાંજરા પોળ રનીંગ ખર્ચ | - | |
| ઢોર માવજત ખર્ચ | ૨૭૧૦૨૦.૦૦ | |
| ઢોર ચારણી મેરાણી | ૩૧૫૯૫૯.૦૦ | |
| દોઠર વનરો ખરીદી | ૧૨૮૧૮૧૨.૦૦ | |
| ખાણ ભૂસો ખરીદી | ૯૦૦૨૨૭.૦૦ | |
| પક્ષીને ચણ ખર્ચ | ૧૬૭૧૧.૦૦ | ૨૮૦૪૭૨૯.૦૦ |
| ખર્ચથી આવકમાં વધારો | | ૨૦૭૭૨૦૭.૫૦ |
| કુલ ₹ | | **૫૫૧૩૯૬૨.૨૫** |

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૧ સુધીનું પાકુ સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ |
|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | | ૨૧૦૭૯૨.૨૨ |
| કાયમી જીવદયા ફંડ | | ૧૧૮૮૦૪૬૦.૭૩ |
| ઢોર ભાડા ડીપોઝીટ | | ૧૦૪૦૦૦.૦૦ |
| આવક જાવક ખાતુ | | |
| ગઈ સાલ સુધી આવક | ૩૪૦૩૧૭.૧૮ | |
| ચાલુ સાલ વધારો | ૨૦૭૭૨૦૭.૫૦ | ૨૪૧૭૫૨૪.૬૮ |
| કુલ ₹ | | **૧૪૬૧૨૭૭૭.૬૩** |

| મિલકત લેણાં | | રકમ |
|---|---|---|
| સ્થાવર મિલકત ખાતે | | ૨૩૬૪૬૩.૦૦ |
| ગોડાઉન બાંધકામ | | ૫૫૨૨૮૪.૦૦ |
| ખેતી વાડી જમીન N.A. ખર્ચ | | ૨૩૯૬૩૪.૦૦ |
| એફ.ડી. આર વીગત | | |
| ICICI બેંક નલીયા | | ૭૫૦૦૦૦૦.૦૦ |
| Bank of Baroda નલીયા | | ૨૦૦૦૦૦૦.૦૦ |
| ફર્નીચર | | ૬૫૨૪.૦૦ |
| મોટર સાઈકલ ખાતે | | ૪૪૮૬૮.૦૦ |
| ઈલેક્ટ્રીક સીટી મીટર ડીપોઝીટ | | ૪૪૪૦.૦૦ |
| વ્યાજ વસુલાત | | ૬૯૯૩૪૪.૦૦ |
| ટીડી.એસ. આવવાનો બાકી | | ૮૫૬૦૯.૦૦ |
| સ્ટોક વતરો તથા ખાણ | | ૨૪૦૩૮૦.૦૦ |
| બેંક બેલેંસ તથા રોકડ | | |
| Bank of Baroda નલીયા | ૩૩૩૩૬૧.૦૩ | |
| ICICI બેંક નલીયા | ૧૨૫૪૨૫૬.૦૦ | |
| PNB બેંક મુલુંડ | ૧૧૩૯૯૭૦.૯૦ | |
| અરિહંત કો. બેંક | ૨૧૭૫૭૮.૭૦ | |
| રોકડ પુરાંત | ૫૮૦૬૫.૦૦ | ૩૦૦૩૨૩૧.૬૩ |
| કુલ ₹ | | **૧૪૬૧૨૭૭૭.૬૩** |

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા (ટ્રસ્ટીગણ)**

તા. ૧૭-૧૧-૨૦૨૧ ઓડીટર્સ : **લાલકા એન્ડ લાલકા** (LLP) (ગાંધીધામ - કચ્છ)

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ||

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા

તા. ૩૦-૦૫-૨૦૨૨

### સામાન્ય સભાની જાહેરખબર

નલીયા મહાજનશ્રીની **સામાન્ય સભા ગુરૂવાર તા. ૩૦/૦૬/૨૦૨૨** રાતના ૯.૦૦ કલાકે મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**-: કાર્યસુચિ :-**

૧) પ્રમુખશ્રી તરફથી આવકાર.
૨) ગત મિનિટસનું વાંચન તથા એને બહાલી.
૩) મહાજનશ્રીનો વાર્ષિક અહેવાલ.
૪) વર્ષ ૨૦૨૦-૨૧ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન તથા બહાલી.
૫) ભોજરાજ દેશર જ્ઞાન શાળા તે હાલ નૂતન ઉપાશ્રય છે. તેનો પૂરો બાંધકામનો અહેવાલ તથા નામકરણની ચર્ચા વિચારણા.
૬) આવેલ પત્રોનું વાંચન. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.
૭) વર્તમાન ટ્રસ્ટ બોર્ડની મુદત તા. ૩૦-૯-૨૦૨૨ના મુદત પૂરી થાય છે. નવા ટ્રસ્ટ બોર્ડના ગઠન બાબત ચર્ચા વિચારણા અને નિર્ણય.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** હિસાબ બાબત કોઈને પણ જાણકારી/ખુલાસો મેળવવા, નલીયા મહાજન ઓફીસમાં તા. ૨૫-૦૬-૨૦૨૨ પહેલાં લેખીતમાં જણાવશો. જેથી સામાન્ય સભામાં ખુલાસો આપવા સરળતા રહે.

|| જીવદયા પરમો ધર્મ ||

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા

તા. ૩૦-૦૫-૨૦૨૨

### સામાન્ય સભાની જાહેરખબર

શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટની **સામાન્ય સભા ગુરૂવાર તા. ૩૦/૦૬/૨૦૨૨** રાતના ૮.૩૦ કલાકે મહાજનશ્રીના વિવિધલક્ષી હૉલમાં મળશે. જેમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**-: કાર્યસુચિ :-**

૧) પ્રમુખશ્રી તરફથી આવકાર.
૨) ગત મિનિટસનું વાંચન તથા એને બહાલી.
૩) પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.
૪) વર્ષ ૨૦૨૦-૨૧ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન તથા બહાલી.
૫) ગોલાઈ વાળા ખેતરનું N.A. થઈ ગયેલ છે તથા એનો અહેવાલ તથા પ્રોજેક્ટ રીપોર્ટ.
૬) પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.**

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી ટ્રસ્ટીગણ**

**તા.ક.:** હિસાબ બાબત કોઈને પણ જાણકારી/ખુલાસો મેળવવા, નલીયા મહાજન ઓફીસમાં તા. ૨૫-૦૬-૨૦૨૨ પહેલાં લેખીતમાં જણાવશો. જેથી સામાન્ય સભામાં ખુલાસો આપવા સરળતા રહે.


|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ||

**કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭ / ૭૨૦૮૧ ૪૯૭૨૫**

**ગાય અને ભેંસનું શુદ્ધ ઘી**

**સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર**

**એક વાર ખાશો તો માંગશો વારંવાર**

**વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે**

**એક કિલો પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ**

**ફ્રી હોમ ડિલીવરી**

**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**


## મંજલ રેલડિયા- પર્યુષણ પર્વ આરાધના

શ્રી મંજલ રેલડિયા ગામવાસીઓ તથા નિયાણી બહેનો, પ્રણામ, જય જિનેન્દ્ર... આપ સૌ કુશળ હશો.

પરમ કૃપાળુ શ્રી આદેશ્વરદાદાની અસીમ કૃપાથી પર્યુષણ મહાપર્વની ભવ્ય આરાધના કરાવવા આ વર્ષે પણ પૂજ્ય સાધ્વી ભગવંતની નિશ્રા શ્રી મંજલ તીર્થે પ્રાપ્ત થયેલ છે.

શ્રી આદેશ્વર મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ અને શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓએ આ મહામૂલા અવસરે તપ, જપ, આરાધના દ્વારા કર્મ નિર્જરા કરી પુણ્યનું ભાથું બાંધવા આપ સૌના સાથ સહકારે સફળતાના સોનેરી સોપાન સર કરવા સંયુક્ત રીતે ઉજવવાનું નક્કી કરેલ છે.

પર્યુષણ પર્વ ૨૪/૦૮/૨૦૨૨ થી ૦૧/૦૯/૨૦૨૨ આપની ટિકીટો સત્વરે બુક કરાવી જાણ કરશો.

બહારગામથી પધારનાર માટે વહેલા તે પહેલાના ધોરણે નિવાસની વ્યવસ્થા કરવામાં આવશે.

સંપર્ક : **સોમચંદ ધરમશી - ૯૭૨૬૭૭૬૬૨૭**
**મંગલ લાલકા - ૯૭૨૭૩૨૬૯૪૭**
**(મેનેજર)**

**લિ. શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર - ટ્રસ્ટીઓ તથા શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘ - ટ્રસ્ટીઓ**

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૦૫-૦૬-૨૦૨૨

**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | | ૪ | ■ | ૫ | | | ■ |
| ■ | ૬ | ૭ | | ■ | | ■ | | ■ | ■ | ૮ |
| ૯ | ■ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | |
| | ■ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ | | ■ |
| ૧૫ | | | ■ | | ■ | ■ | | ■ | ■ | ■ |
| | ■ | ■ | ૧૬ | | | ૧૭ | ■ | ૧૮ | | ૧૯ |
| | ■ | ૨૦ | | ■ | ■ | | ■ | | ■ | |
| ■ | ૨૧ | ■ | ૨૨ | | ■ | ૨૩ | ૨૪ | | ૨૫ | ■ |
| ૨૬ | | | | ■ | ■ | ૨૭ | | ■ | | ■ |
| | ■ | ■ | ૨૮ | | ■ | | ■ | ■ | ૨૯ | |
| ૩૦ | | | ■ | ■ | ૩૧ | ■ | ૩૨ | | | ■ |

**આડી ચાવીઓ :**

૧) અતિત ચોવીસીના દામોદર સ્વામીનું લાછન (૨)
૩) અયોધ્યાનું પ્રાચીન નામ (૩)
૫) મહાવીર સ્વામીની પહેલી દેશના અસફળ રહી તે એક .... ગણાય (૩)
૬) જીવદયા પાળવી (૩)
૧૦) મનના દોષ કેટલા? (૨)
૧૧) મહાવીર સ્વામીનો પ્રથમ ભવ (૪)
૧૩) કચ્છના આ ગામમાં કુંથુંનાથનું જીનાલય છે (૨)
૧૪) ઉત્તર ગુજરાતનું પાર્શ્વનાથ પ્રભુનું તીર્થ (૨)
૧૫) મંગળદીવામાં પ્રગટાવાય (૩)
૧૬) નેમીનાથના સાંસારિક ભાઈ (૪)
૧૮) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૨૦) આ સોળ હોય (૨)
૨૨) કરૂણાભીની આંખોમાંથી ...નો શુભ સ્રોત વહે (૨)
૨૩) પહેલા ત્રણ આરામાં જન્મે (૪)
૨૬) ઘણા લોકો આ તપ રોજ કરે (૪)
૨૭) વીરા મોરા ..... થકી ઉતરો (૨)
૨૮) તારે તે ..... (૨)
૨૯) પાટણમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)
૩૦) સ્થાપના આર્ય મૂકવા ચાર દાંડીનું બનેલું સ્ટેન્ડ (૩)
૩૧) સુમતીનાથના ગણધર કેટલા (૧)
૩૨) નવકારના પ્રતાપે રાજકુમારી થઈ (૩)

**ઊભી ચાવીઓ :**

૨) બાવીસ તીર્થંકરની માતાએ પ્રથમ સ્વપ્નમાં શું જોયું(૨)
(૩) સરસ્વતીનું વાદ્ય (૨)
(૪) ગૌતમ સ્વામી એ ૧૫૦૩......ને ખીરનું ભોજન કરાવ્યું (૩)
(૫) રોજના સાત જીવોની હત્યા કરનાર છતાં સંયમ લેનાર (૫)
(૭) એક સાધ્વી
(૮) દર ...... વર્ષે શ્રવણબલગોડામાં પ્રભુનો અભિષેક થાય (૨)
(૯) એમણે મહાવીર સ્વામીના કાનમાંથી ખીલા કાઢ્યા હતા (૫)
(૧૦) શીતલનાથના પિતા (૪)
(૧૨) શ્રમણી (૨)
(૧૬) પંદરમું પાપ સ્થાનક (૫)
(૧૭) અષ્ટમંગલમાંનું એક (૫)
(૧૮) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
(૧૯) ઈશ્વર (૨)
(૨૧) રંગે રમે આનંદે રમે આજ દેવ ... ઓ રંગે રમે (૨)
(૨૪) એક સ્વપ્ન (૨)
(૨૫) વીસ ... સાગરોપમનું એક કાળચક્ર (૪)
(૨૬) આદીનાથે સ્ત્રીઓને કેટલી કળાઓ શીખવી (૩)

**ધર્મસંદેશ - ૨૦.૫.૨૦૨૨ના જવાબો : આડી ચાવીઓ :** (૧)સ્નાત્રપૂજા (૪) દેવલોક (૮) વહી (૧૦) વાડ (૧૧) માનતુંગસૂરી (૧૪) સ્વાધ્યાય (૧૬) માનવ (૧૭) ધનુષ (૨૦) માખણ (૨૧) સુરત (૨૨) ચંદા (૨૩) બીલ (૨૪) નટા (૨૫) દર્પણ (૨૬) સાત (૨૭) નામ (૩૦) નમણ (૩૧) લવણ (૩૨) વરાહ. **ઊભી ચાવીઓ :** (૨) ત્રણ (૩) જાવડશા (૪) દેવવિમાન (૫) વહી (૬) કર્મ (૭) ચંપાપુરી (૯) જંબુસ્વામી (૧૨) નવ (૧૩) ગણધર (૧૫) યક્ષ (૧૬) માસખમણ (૧૮) નુતન (૧૯) દાદા (૨૧) સુલસા (૨૨) ચંપા (૨૫) દમણ (૨૭) નામ (૨૮) વાવ (૨૯) સિંહ.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સરળતા જીવનનો શણગાર છે.**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સમસ્ત મહાજનની કારોબારીની મીટીંગ

બે વરસ કોરોના-કોવિડ રોગચાળાના લીધે સમસ્ત મહાજનની કારોબારીની ઓફલાઈન કે પ્રત્યક્ષ હાજરીવાળી મીટીંગ નહોતી યોજાઈ તે તા. ૨૨ મે, ૨૦૨૨ના રવિવારે વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં યોજાઈ ગઈ. કામાલેન ઘાટકોપર (વેસ્ટ) સ્થિત પરિસરમાં યોજાયેલી આ બેઠકમાં ૫૦ સભ્યો હાજર રહ્યા હતા. આ બેઠકના પ્રમુખ સ્થાને મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધનજી ધરમશી રહ્યા હતા. કોરોના-કોવિડના કારણે દિવંગત જ્ઞાતિજનોની આત્માના શ્રેયાર્થે મૌન અર્ચના કરી.

સમસ્ત મહાજનની બધી જ સમિતીઓના વડાઓને આગામી બે વરસ માટે કાર્યક્રમ તૈયાર કરવાના નિર્દેશ અપાયા હતા. જ્યારે સમસ્ત મહાજનના વધી રહેલા જ્ઞાતિકાર્યો અને વહીવટી જરૂરતોને ધ્યાનમાં રાખી ભાંડુપ-અનંત સિદ્ધિમાં કાર્યાલય બનાવવાનો નિર્ણય લેવાયો હતો. વધુમાં સમિતીઓમાં નવા યુવા કાર્યકરોને ભાગ લેવા આહ્‌વાન કરાયું હતું.

જ્ઞાતિગ્રંથ જેમાં બધા જ મહાજનોના ઈતિહાસ પદાધિકારીઓનો પરિચય હોય તેનું પ્રકાશન કરવાનું, તથા ટ્રાન્સપોર્ટ સમીટનો વિચાર રજુ થયો હતો જેમાં જ્ઞાતિના આંતરિક ઓનલાઈન ટ્રાન્સપોર્ટ વિક્સાવવાનો નિર્ણય લેવાયો હતો.

### કેડીઓ ક્લાસિક મેળાવડો





તા. ૨૧ મે, ૨૦૨૨ના રોજ કેડીઓ ક્લાસિકનો મેળાવડો ચેમ્બુર ખાતે યોજાયો હતો. તરૂણભાઈ ધરમશી અને પૂર્વ પ્રમુખ તરલાબેન મણિકાંત ધુલ્લાને તેમની પાંચમી પુણ્યતિથી નિમિત્તે શ્રધ્ધાંજલિ અર્પણ કર્યા બાદ પ્રમુખ જયંતભાઈ લાપસિયાએ સહુનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં મીનલબેન શાહનું મહારાષ્ટ્રના રાજ્યપાલ (ગવર્નર) દ્વારા બહુમાન કરવામાં આવ્યું હોઈ જયંતભાઈ તથા મીનાબેન શાહે ક્લાસિક તરફથી તેમનું અભિવાદન કર્યું હતું. કલાકાર ઉત્તમભાઈ છેડાએ મનોરંજન કાર્યક્રમ 'હતાશાથી દૂર હળવા થવા મળીએ' રજુ કર્યું હતું. સેક્રેટરી પિનાકીનભાઈ છેડાએ આભારની લાગણી વ્યક્ત કરી. આ સંસ્થાનો સિલ્વર જ્યુબિલી વર્ષ હોઈ ૪૦ થી ૬૫ વર્ષના યુગલોને મેમ્બર બનવા ઈજન આપ્યું હતું.

### શ્રી હેમાંગ રાયચંદ ધરમશી-સુથરી(વરલી) ગોલ્ફ ટુર્નામેન્ટમાં વિજેતા થયા





તા. ૨૮.૫.૨૦૨૨ના રોજ શ્રી હેમાંગભાઈને ડૉ. દુગ્ગલ કપ ગોલ્ફ ટુર્નામેન્ટમાં વિજેતા થવા બદલ ટ્રોફી એનાયત થઈ હતી. વર્ષમાં એક વખત યોજાતી આ ગોલ્ફ ટુર્નામેન્ટ તા. ૨.૧.૨૦૨૨ના રોજ બોમ્બે પ્રેસીડેન્સી ગોલ્ફ ક્લબ-ચેંબુર ખાતે યોજાઈ હતી જેમાં ૩૦૦ ગોલ્ફર્સોએ ભાગ લીધો હતો. જેમાં શ્રી હેમાંગભાઈ વિજેતા થયા હતા.

### શ્રી જીજ્ઞાસુ રસેશ ચશ્માવાલા (માટુંગા રોડ)



જીજ્ઞાસુભાઈએ ગુવાહાટીથી આઈઆઈટી પૂર્ણ કર્યા પછી કલકત્તાથી આઈઆઈએમ ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ સ્વ.ડૉ. માનસી જયચંદ દેવશી લોડાયા-કોઠારા (ઘાટકોપર)ના દોહિત્ર છે. ડૉ. જાગૃતિ રસેશ ચશ્માવાલાના સુપુત્ર છે.

### ૧૦ વરસની દીકરીનું કીર્તિમાન

મુન્દ્રા તાલુકાના કુંદરોડીની મુંબઈવાસી ૧૦ વરસની દીકરી રિધમ એવરેસ્ટ બેઝ કેમ્પ સર કરીને અનોખું કીર્તિમાન સિદ્ધ કર્યું છે. રિધમ એવરેસ્ટ સર કરે એવી શુભેચ્છા.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ-રાયપુર

કારોબારી કમિટી તા. ૧.૪.૨૦૨૨ થી ૩૧.૩.૨૦૨૫

**પ્રમુખ**-વિરલ રાજેશ લોડાયા, **ઉપપ્રમુખ**-શ્રીમતી દીપા નયન છેડા, જિગ્નેશ ગીરીશ નાગડા, **મંત્રી**-કરણ દીપક નાગડા, **સહમંત્રી**-શ્રીમતી પૂજા હિતેશ મોમાયા, સંભવ ચંદ્રેશ છેડા, **ખજાનચી**-રૌનક વિજય લોડાયા.

**સભ્યો :** શ્રીમતી ધારા જીગર ખોના, રાજ પ્રવીણ લોડાયા, શ્રીમતી શીતલ અનિલ લોડાયા, કુ. કિરણ કીર્તિ પોલડિયા, રજત પ્રવીણ મોમાયા, ઋષભ દીપક લાલકા, હર્ષિતા ચંદ્રેશ છેડા, જય હરીશ લોડાયા, કૃષ્ણા દીપેશ લાલકા. **સલાહકાર સમિતી :** નિતેશ ઉમરશી મૈશેરી, નયન સતીશ છેડા, શ્રીમતી વીણા સચિન મોમાયા, ધવલ મહેન્દ્ર લોડાયા.

## છત્તીસગઢમાં ભગવાન પાર્શ્વનાથની પ્રાચીન પ્રતિમા મળી

છત્તીસગઢમાં રાયપુર પાસે આવેલા રાજીમ પરિસરમાં પુરાતત્ત્વ વિદોને ઉત્ખનનમાં ભગવાન પાર્શ્વનાથની લગભગ ૧૬૦૦ વર્ષ જૂની પ્રતિમા બહાર આવી છે.

અગાઉ છત્તીસગઢના દુર્ગ જિલ્લાના નગપુરા ગામની સીમમાં એક ભાગ્યશાળી ખેડૂતને પણ ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા પ્રાપ્ત થઈ છે જે આજે ઉવસગ્ગહરમ મહાતીર્થ તરીકે સ્થાપિત છે. આ પ્રતિમાઓની પ્રાપ્તી સિદ્ધ કરે છે છત્તીસગઢ જેવા આદિવાસી બહુલ વિસ્તારમાં પણ જૈનોની નોંધપાત્ર વસતી હતી. આજે પણ ત્યાં દિગંબર અને સ્થળાંતર કરીને વ્યાપાર વ્યવસાય માટે આવેલા નોંધપાત્ર સંખ્યામાં જૈનોનો વસવાટ છે. સ્મરણ રહે કે જૈનો આખા ભારતમાં ફેલાયેલા હતા. ઘણા રાજવંશોમાં રાજાઓ જૈન હતા. છત્તીસગઢ વિસ્તારમાં કલચૂરી વંશની સત્તા હતી તે ઐતિહાસિક તથ્યો પ્રમાણે હૈહેય કે ચેદી (શિશુપાલ) વંશના જ રાજવી હતા. જૈન ધર્મને રાજકીય સંરક્ષણ પ્રાપ્ત હતું.

રાજીમ ઉપરાંત સિરપુર, મલ્હાર, ડોંગરગઢ, ગુંજી ખરોદ, પાલી, મહેશપુર, શિવરી નારાયણપુર જેવા વિસ્તારોમાં પણ અગાઉ પ્રાચીન જિન પ્રતિમાઓ ઉત્ખનનમાં પ્રાપ્ત થયેલી છે.

એક વિશેષ ઉલ્લેખનીય પ્રતિમા ભગવાન ઋષભદેવની પ્રાપ્ત થઈ છે જે કાંસાની ત્રણ ફુટ ઊંચી છે. આ સિવાય રામગઢ નજીકની ટેકરી પર સ્થિત પ્રાચીન નાટ્યશાળામાં પણ જૈન ધર્મના ઉલ્લેખ મળી આવ્યા છે.

## પુના સખીવૃંદ



૨૩ એપ્રિલના વંદનાબેન ધરમશી દ્વારા 'હેન્ડ ક્રાફ્ટ જ્વેલરી' (વર્કશોપ) જેવા આકર્ષક વિષય પર મીટીંગ એમના નિવાસ સ્થાને યોજાઈ હતી. વંદનાબેન હેન્ડ ક્રાફ્ટ જ્વેલરીના એક્સપર્ટ કિરણબેન પવારને આમંત્રિત કર્યા હતા. કિરણબેને સૌ પ્રથમ હેન્ડ ક્રાફ્ટ અને હેન્ડમેડનો તફાવત સખીઓને સમજાવ્યો. એમણે ખૂબજ સરળ ભાષામાં સખીઓને માર્ગદર્શન કર્યું. પ્રદર્શનમાં મુકવામાં આવેલ સર્વે આભુષણ ખૂબજ આકર્ષક લાગતા હતા. મીતાબેન લાલકાએ વિવિધ પ્રકારના આભૂષણો વિશેની જાણકારી આપી. સખીઓને આવકાર્યા. લેખાબેન માલદેએ માર્ચ મહિનાની મીટીંગનો અહેવાલ સખીઓ સમક્ષ રજૂ કર્યો. સોનલબેન લોડાયાએ વંદનાબેન, કિરણબેન તથા મિનલબેનનો આભાર માન્યો.

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન મહાજનનો અનોખો પ્રયોગ

મહાજન દ્વારા તા. ૧૫.૫ થી ૧૭.૫.૨૨ દરમ્યાન ત્રિહાનિકા મહોત્સવ યોજાયો હતો. શ્રી સંઘે આ પ્રસંગે રાયપુરના અલગ-અલગ શ્વે.મૂર્તિપૂજક ગચ્છના તેર જિનાલયોના ૧૭ પૂજારીઓનું સન્માન સાલ, શ્રીફળ, મોતીની માળા તથા અન્ય ભેટો દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો અને અન્ય જ્ઞાતિ અગ્રણીઓની હાજરીમાં કર્યું હતું.

શ્રીસંઘના પ્રમુખ શ્રી ચંદ્રેશ છેડા તથા તેમના સહયોગીઓનું આ કાર્ય અનુમોદનીય છે. આ પ્રસંગે પ્રકાશ સમીક્ષાના પ્રતિનિધી તરીકે ઍડ. ઉદયન શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. એમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.


**Mahavir Sarees (Santacruz West)**

વ્યાજના દરમાં વધારો, સોના-ચાંદીના ભાવમાં ઘટાળો થાય એનાથી પહેલા તમારી જુની સાચી જરીના ઘરચોળા, સાચી જરીની સાડી, સાચી જરીના ચણીયા-ચોળી, સાચી જરીની બોર્ડર તથા બ્લાઉઝ, સાચી જરીની બટકસબની સાડી, સાચી જરીના સેલા તથા સાચી જરીના નાના પીસીસ પણ સારા ભાવે વેચાતા લઈશું. - રોકડા પૈસા આપવામાં આવશે. બીજે ક્યાંય જતા પહેલાં અવશ્ય મુલાકાત લો.

**Best value of your old goods - Sunday Closed**

મહાવીર સારીઝ, મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વે). મો.: ૯૬૧૯૫ ૫૪૮૦૧ / ૯૧૩૭૧ ૪૬૨૭૨


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

## વતનના વર્તમાન
સંકલન : કેસરસિંહ ખોના

### મહારાવ પ્રાગમલજીની પ્રતિમા
ભુજ ખાતે ગૌ-બ્રાહ્મણ પ્રતિપાળ જાડેજા કુળ શિરોમણી મહારાવ શ્રી પ્રાગમલજી ત્રીજાની પ્રતિમાનું અનાવરણ રણજીત વિલા પેલેસ ખાતે ૨૦૫ એકરના સ્મારક ઉદ્યાનમાં તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પ્રાગમલજી જાડેજા રાજવંશના ૧૯મા મહારાવ હતા. એમની પ્રતિમા અને સ્મૃતિ ઉદ્યાનનું લોકાર્પણ રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી ડૉ. નીમાબેન આચાર્યના હસ્તે કરવામાં આવ્યું હતું.

### અમેરિકા નિવાસી દ્વારા હિમોટોલોજી મશીનની ભેટ
અમેરિકામાં રહેતા માંડવીના ડૉ. ધીરજભાઈ શાહ તરફથી લગભગ રૂા. ત્રણ લાખથી વધુ મુલ્યના હિમોટોલોજી એનેલાઈઝર મશીન માંડવીના હરિપ્રભા ક્લિનીકને ભેટ પ્રાપ્ત થઈ છે.

### રોટરી ક્લબ ગાંધીધામ
ગાંધીધામ રોટરી ક્લબે ૩૧ એકર વિસ્તારમાં ૫૦ હજાર વૃક્ષ ઉછેર્યા છે. આશા છે આ વન નોંધપાત્ર વિકાસ કરશે.

### સિંહની વસતી ૧૦ ટકા વધી
ગીર વનમાં પૂનમ ટાણે થયેલા અવલોકનમાં બે વર્ષમાં સિંહોની સંખ્યા ૭૩૬ થવાનો અંદાજ છે. જે ૧૦ ટકા જેવો વધારો સૂચવે છે.

### હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટી સ્પોર્ટ કોમ્પ્લેક્ષ
ઉત્તર ગુજરાતના ઐતિહાસિક નગર પાટણમાં રૂા. સાડા આઠ કરોડના ખર્ચે રાજ્યના સહુથી મોટા સ્પોર્ટ કોમ્પલેક્ષનું નિર્માણ થયું છે. કોમ્પ્લેક્ષનો ૫૦૦ થી વધુ કૉલેજોના વિદ્યાર્થીઓને લાભ થશે. લગભગ ૧૦૦૦ દર્શકોને બેસવાની વ્યવસ્થા છે.

### પાવાગઢ માટે લિફ્ટ
પાવાગઢમાં મંદિર સુધી પહોંચવા માટે ૨૧૦ ફુટ ઊંચી લિફ્ટ સ્થાપિત થશે. જે માત્ર ૪૦ સેકન્ડમાં જ મંદિર સુધી પહોંચાડશે.

### કચ્છ પોસ્ટ ડ્રોન યુગમાં
કચ્છનું પોસ્ટ ખાતું ડ્રોન મારફત ડિલીવરી કરશે. હાલમાં હબાય ખાતે ડ્રોન દ્વારા ટપાલ પહોંચાડવાના પ્રયોગ હેઠળ એક પાર્સલની ડિલીવરીનું આયોજન છે. નોંધવું જોઈએ કે મુંબઈમાં વિવિધ વસ્તુઓ ડ્રોન દ્વારા ડિલીવર કરાય છે. ભુજ તાલુકાના હબાયથી પોસ્ટ ખાતા મારફત દવાઓનું એક પાર્સલ ભચાઉના નેર ખાતે માત્ર ૨૦ મિનીટમાં પહોંચાડવામાં સફળતા મળી છે.

### કે. કે. પટેલ સુપર સ્પે. ને એક કરોડનું દાન
હાલમાં જ ખુલી મુકાયેલી કે. કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ (ભુજ)ને પ્રસાદાલય કેન્ટીન માટે યુગાન્ડા કંપાલા ખાતે રહેતા દાનવીર કરસનભાઈ પૂંજા રાબડિયાના પુત્ર-પૌત્રો સહિત સમસ્ત પરિવાર દ્વારા રૂા. એક કરોડનું પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે સેવારૂપ જાહેર કરવામાં આવ્યું છે.

### ગુજરાતની પ્રથમ નંદી (બળદ) શાળા
અંજારમાં ગુજરાતની પ્રથમ નંદીશાળા (બળદ-આખલા)માં તરછોડાયેલા, બિમાર, વૃદ્ધ અને અશક્ત નંદીઓને સાચવવામાં આવે છે. હાલ લગભગ ૬૦૦ નંદીઓ છે. પરિસરમાં નંદી મદિર છે. જ્યાં જીવંત નંદીની સવાર-સાંજ પૂજા કરવામાં આવે છે.

### નૂતન પ.પૂ. સાધ્વીશ્રી નમન કળાશ્રી મ.સા.
ગુણ પાર્શ્વનાથ તીર્થે મુમુક્ષુ સુશીલાબેન શિવજી પાસડ છેડા, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં દીક્ષિત થઈ પ.પૂ. સાધ્વીશ્રી નમનકળાશ્રીજી મ.સા.નામાભિધાન સાથે પ.પૂ. સાધ્વીશ્રી જ્યોતિકળાશ્રી મ.સા.ના શિષ્ય થયા છે.

### ગિરનારજી કન્યા ૯૯ યાત્રા
ગિરનારજી મહાતીર્થની કન્યા ૯૯ યાત્રામાં એક મહત્ત્વના પૂજનરૂપે પ.પૂ. સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર ચિરાગ સંઘોઈના સથવારામાં સરસ્વતીદેવીનું પૂજન કરવામાં આવ્યું હતું.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેનાના ઓફીસની સામે, **થાણા-૪૦૦ ૬૦૪.**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)**

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૧.૨૦૨૨ | બડગરા | રીવા, અવની આનંદ પોલડીયા | બાયઠ | પુત્રી |
| ૧૭.૦૨.૨૦૨૨ | ઘાટકોપર | મેશા, સપના, હિમય લલીત મૈશેરી | નાની સિંધોડી | પુત્રી |
| ૦૭.૦૪.૨૦૨૨ | ડોંબિવલી | કાયરા, ભાવિકા, અજય અશોક લાપસિયા | દલતુંગી | પુત્રી |
| ૨૦.૦૪.૨૦૨૨ | ઇંદોર (ભુલ સુધાર) | નિર્મય, ઊર્મી આકાશ વિપુલ દંડ | વરાડીયા | પુત્ર |
| ૨૯.૦૪.૨૦૨૨ | તિરૂવન્તપુરમ | અમિત, મનોજ જેઠાલાલ મોમાયા | સાંયરા | પુત્ર |
| ૦૩.૦૫.૨૦૨૨ | ભાંડુપ | વીરાંશ, નમ્રતા નિમેષ મોમાયા | વરાડીયા | પુત્ર |
| ૦૮.૦૫.૨૦૨૨ | ગાંધીધામ | હેનીલ, ચાંદની હર્ષ લોડાયા | નલિયા | પુત્ર |
| ૦૯.૦૫.૨૦૨૨ | દેવલાલી | હરશીવ, સનમ દિપ મૈશેરી | લાલા | પુત્ર |
| ૧૦.૦૫.૨૦૨૨ | ડોંબિવલી | મંથન, શ્વેતા પ્રતિક દંડ | ભરૂડીયા | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૨.૨૦૨૨ | કાંદિવલી | વિશાલ શશીકાંત કુલીનકાંત લોડાયા | નલિયા | ૩૩ |
| | કાંદિવલી | ખુશ્બુ ગીરીશ અમરશી મોતા | લાખણીયા | ૩૧ |
| ૦૫.૦૫.૨૦૨૨ | માણાવદર | ભવ્ય મહેશ વીશનજી છેડા | નલિયા | ૨૫ |
| | ભૂજોડી | અંજલી હેમંત લક્ષ્મીચંદ છેડા | સુથરી | ૨૨ |
| ૨૬.૦૫.૨૦૨૨ | મહેબુબનગર | મિતેન્દ્ર જીતેન્દ્ર લક્ષ્મીચંદ મૈશેરી | બાંઢીયા | ૨૪ |
| | રાજુલા | મનાલી રાજેન્દ્ર જવેરચંદ લોડાયા | નલિયા | ૨૩ |
| ૦૧.૦૬.૨૦૨૨ | ભાંડુપ | ફેનિલ ઝવેરચંદ કેશવજી લોડાયા | બાયઠ | ૨૭ |
| | અંબરનાથ | ક્રિપા કેતન દામજી મોતા | નલિયા | ૨૫ |
| ૦૨.૦૬.૨૦૨૨ | હુબલી | રોનક નીતિન નારાણજી લોડાયા | સાંયરા | ૨૮ |
| | માલેગાંવ | મોનિકા હેમંત ખીમજી મોમાયા | સાંયરા | ૨૪ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૪.૨૦૨૨ | થાણા | અક્ષત દિલીપ પદમશી નાગડા | રંગપુર | ૨૬ |
| | મુલુંડ | નેહા ભાલચંદ શંકર શિવપૂજે | સિલ્લોડ | -- |
| ૧૯.૦૫.૨૦૨૨ | વિલે પાર્લે | પારસ મનસુખ વસનજી સાવલા | મનફરા | ૩૧ |
| | ઔરંગાબાદ | સૃષ્ટી હિતેશ હિમતલાલ લોડાયા | મોટી ખાવડી | ૨૭ |
| ૨૧.૦૫.૨૦૨૨ | અમદાવાદ | હાર્દિક સમીર નરેશ લાલકા | વારાપધર | ૨૪ |
| | પાલનપુર | રેનૂ અશોકકુમાર સાધોરામલ રામનાની | પાલનપુર | ૨૩ |
| ૨૫.૦૫.૨૦૨૨ | મસ્જિદ બંદર | ધર્મિન યોગેશ લલીત મોતા (પટેલ) | તેરા | ૨૫ |
| | ઘાટકોપર | ધ્વની રાકેશ વામનરાય માવાણી | ભાવનગર | ૨૪ |
| ૨૬.૦૫.૨૦૨૨ | મુલુંડ | જિનેન જનક મણીલાલ ખોના | વાંકુ | ૨૫ |
| | મુલુંડ | અનેરી કીર્તિ જયંતીલાલ બખાઈ | પોરબંદર | ૨૫ |
| ૦૪.૦૬.૨૦૨૨ | અંધેરી | આકાશ દિપક વેલજી વોરા | રંગપુર | ૨૮ |
| | જામનગર | ડો. રૂતવી હિતેશ ગોપાલભાઈ પંજવાની (ઠક્કર) | જામનગર | ૨૫ |

### જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૦૫.૨૦૨૨ | નાહુર | ધવલ કિરણ લાલજી દંડ | પરજાઉ | ૩૦ |
| | ડોંબિવલી | દિપાલી મુકેશ હિરાચંદ શિયાલ | જખૌ | ૨૭ |

### આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૪.૨૦૨૨ | જલગાંવ | પરેશ દગડુલાલ પન્નાલાલ ચોપડા | સાલવા | ૩૩ |
| | નાંદેડ | નમ્રતા વિજયકુમાર લીલાધર લાપસિયા | દલતુંગી | ૩૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૫.૨૦૨૨ | જાલના | ધનલક્ષ્મી કાનજી મૈશેરી | જખૌ | ૭૪ |
| ૧૬.૦૫.૨૦૨૨ | હૈદ્રાબાદ | નીલીમા રાજેશ ધરમશી | જખૌ | ૪૩ |
| ૧૬.૦૫.૨૦૨૨ | ભાંડુપ | જેઠાલાલ મેઘજી લોડાયા | તેરા | ૮૭ |
| ૧૬.૦૫.૨૦૨૨ | ઘાટકોપર | ગુલાબ હિરાચંદ મોતા (પટેલ) | તેરા | ૪૩ |
| ૧૬.૦૫.૨૦૨૨ | પુના | મણીકાંત રતનશી ખોના | જખૌ | ૮૫ |
| ૧૮.૦૫.૨૦૨૨ | હુબલી | લીલબાઈ નારાણજી મોતા | રાપર | ૯૬ |
| ૨૨.૦૫.૨૦૨૨ | કાંજુરમાર્ગ | સુરેશ કલ્યાણજી ધરમશી | નલિયા | ૭૮ |
| ૨૩.૦૫.૨૦૨૨ | અંબરનાથ | નિરંજના (નીરૂબેન) પ્રવિણ ખોના | ગોરખડી | ૭૧ |
| ૨૪.૦૫.૨૦૨૨ | મીરારોડ | નરેશ જેતશી કુરૂવા | ગોધરા | ૬૭ |
| ૨૯.૦૫.૨૦૨૨ | મુલુંડ | કાંતાબેન ખીમજી મોમાયા | વરાડીયા | ૮૧ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Smt. Bhagyavanti Bhagyachand Nagda (PS - 1080)**
B-204, Prathamesh Pearl, Village Road,
Near Momaya Park, Bhandup (West),
Mumbai - 400078, M.: 9757295414

**Shri Dhanesh Koovarji Lodaya (PS - 1117)**
C-2203, Maven, Mahavir universe,
Opp. Jain mandir, LBS Marg, Bhandup (West)
Mumbai - 400078
M.: 9323603542

**Shri Abhay Shivji Lodaya (PS - 3460)**
B-23, Bhawani Building, Kopar Road,
Behind Apurva Hospital, Dombivali (West)
MH - 421202
M.: 8828211789 / 8828211789

**Shri Deepak Keshavji Lodaya (PS - 1537)**
502, Devi CHSL (Devi Niwas), BPS Road,
Nilkanth Nagar, Mulund (West)
Mumbai - 400 080
M.: 9769630990/08369772616

**Shri Paresh Jaychand Shah (Lodaya) (PS - 6735)**
Shahs, Row House No. 29,
Uday Amrik House, Genda Chowk, Sadar,
Behind SBI, Betul MP - 460001
M.: 9890094045

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

BEING JAIN

# Samayik- Our Unique Art of Equanimity



- **Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

Ever since the invention of the potters' wheel 3500 years BCE and the subsequent invention of the spoked wheel by the Greeks between the fourth and the sixth century BCE, the growing need for speed has been assuming maniacal proportions. A study at the Arkin Mental Health Institute, Amsterdam, has linked the fast pace of life and work in a city with a 39% increase in mood disorders (depression, bipolar disorder, etc) and 21% rise in anxiety disorders. A University of Kansas study also associated high-speed living with a 20-fold increase in depression over the past century. Constant craving seems to have erased the virtue of contentment from our genes and equanimity (sambhaav) has been cruelly replaced by anxiety!

Isn't it high time for us to relearn and revise our forgotten art of 'perfect equanimity' (remaining emotionally untouched)? A poet describes the state of perfect equanimity as under:

“Look how a mirror will reflect with perfect equanimity all actions before it.

There is no act in this world that will ever cause the mirror to look away.

There is no act in this world that will ever make the mirror say, 'no.'

The mirror, like perfect love, will just keep giving of itself to all before it ...”

This art of simply knowing and seeing the self, while living and being is what is known as

**'Samayik' in our Jain tradition!** Samayik is a process in which the seeker immerses himself in meditation for at least forty-eight minutes after renouncing all attachments and aversions, all sinful inclinations and adopting a sense of equanimity in all objects and all events. Samayik offers the seeker an opportunity for 'being' at once while 'knowing and seeing' ie. being a silent spectator, like the mirror in the above poem, rather than being an 'actor' and indulging in 'doing and bearing' all the time. It is one of the six essentials (avashyaks) prescribed for both the shravaks (householders) and shramans (ascetics). Samayik not only prevents the influx of karmic particles, averting their future bondage to the soul but also helps the dissolution of the past karmic knots of the soul. Thus it is the principal means to realize the true omniscient, omnipotent and all-blissful nature of the 'self'!

**Characteristics of a true Samayik:**

- **Equanimity**: Equanimity in life and death, in togetherness and separation, in the unpleasant and the pleasant, in enemies and friends, in happiness and sorrow, is actually a samayik.
- **Abandonment of attachment and aversion**: Giving up attachment and aversion towards all substances and situations while being absorbed in contemplation (dhyan) of the true nature of the self and having a firm faith in Jain scriptures, is an essential characteristic of a true samayik.
- **Avoidance of all sinful inclinations**: After abstention of all sensory activities, hibernation of the mind, speech and body and resignation from all sinful inclinations, the seeker is completely immersed in the contemplation and experience of the true nature of the 'self'. This is the real samayik.
- **Dissolution in thinking of and being one's true 'self':** A True samayik is to keep the mind still through knowledge and the experience firmly anchored in the real nature of the soul.
- **Unison with inner discipline, austerity and penance:** A Samayik performed by him whose soul is absorbed in spiritual discipline, restraint and austerity, is a true samayik.

Thus, samayik is not just a ritual, it is a state of being, it is not a matter of right 'doing' but of right 'being'. Hence it is for our own real 'well-being' that we must aim to be in samayik in every breath. Next time, we shall learn the types, the flaws and the benefits of a samayik to help us to realise this goal.

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી – નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કું.

Over View

# TOGETHER TOWARDS TOMORROW (Part- IV)

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



KDO KRIDA KARNIVAL concept has received alround appreciation. Few institutions have shown eagerness to launch it as it is very cost effective, easy to organise, involves youth as it is a subject of their interest and choice and serves many objectives of the community at large.

2. REIGNITE- MAKE IT FRIENDLY

This method is to be implemented at individual levels and in the long run will , directly and indirectly, render the desired results.

Few decades back marriages were Big Fat Weddings, of course not in monetary terms, but in terms of involvement of number of full families and their participation in marriage preparations and functions. Marriage in a family was a fullfledged social event and a time for merry making.

Over the years, due to various factors and social compulsions and developments, the things changed drastically. Sizes of families became smaller. Due to the sizes of the marriage halls, lesser financial budgets, smaller homes etc. all the members of the family could not be invited. So the social practice of inviting one or two members of the family started. This innocuous custom had far reaching social impact over the years and those consequences we are facing at present.

When invitees were restricted, the first casualty was the presence of children in the functions as only adults will normally attend them. Consequently, except the youngsters of close families, no other youngster attended. Even if children were invited, the parents couldn't answer an usual question of the children as to, "What will we do there when there are hardly any youngsters in the function?" So this became a no go area. Consequently, youngsters have become asocial and indifferent to the society, which includes community. Can we retrieve or reignite in a friendly way this situation and find a solution to this challenge in the changed and further changing environment because 'कोशिश' ही हर 'सफलता' का कारण होती है !

Now a days in the celebration of marriages there are number of functions, especially in reasonably financially sound families. Mehandi, Sangeet/ Dandiya, Marriage, Reception etc. to name a few. May I suggest one more function exclusively for youngsters (both genders) of all the relatives and friends, the seniors of whom have been otherwise invited in some other functions. How and when to do it, what will be its content, size, duration, methodology etc will all depend on the budget and ingenuity of the inviting marriage family. Idea is to provide them a common platform and an occasion to know each other, interact and develop bond among themselves and in turn enhance social fraternity. Sometimes you just need to start and have faith that things will work out. Let us go a little and let life happen.

While doing so we have to be prepared to answer the age old dilema of 'whether the hen came first or the egg'. The standard question raised will be "As I do not know many invitees, I will be a stranger." So NO.

For this the answer could be as under:

"When a child doesn't know how to write ABC, how can he be sent to a School or only when he attends the School, he will learn ABC." Unanimous answer will be to go to school first. Same logic. Unless one goes and meets strangers they will remain strangers.

Our children are intelligent and have intrinsic capabilities and once they go and participate, they will definitely cease to be strangers and slowly become friends. And once a vehicle starts in the first gear, other lower gears will follow easily and soon. Huge forests started from a single seed. From small beginnings come great things.

It doesn't matter what teenagers do to startwith. Any involvement is good. We are sowing the seeds. Later few may become banyan trees of the community and the society. And in their developnent, we will achieve our objective.

Apart from marriage celebration, one, including donors, can create any alibi or बहाना for such get-togethers and once it kickstarts, the desired purpose will be easy to achieve.

**सोच के साथ कोशीश करने वालों के लिये सफलता आंखे बिछाये राह देखती होती है।**

# FISCAL DISCIPLINE IN SOCIO-RELIGIOUS INSTITUTIONS

## PART-2 FUND RAISING

Pravinchandra Shamji Dharamashi (Shah),
Kothara- Surat. 9978903247



In majority of the cases, the main sources of fund for such institutions are the contributions by its members. It may be considered as crowd funding by way of donations and regular subscriptions. Some times some non-members like visitors or similar kind of other institutions also donate in cash or in kind. Since the donations from non-members are not in the regular form, they are to be treated as a separate class of fund. Sometimes the donations are given for some specific task or activity and the same must be used for that purpose only. For regular members, it is desired that some minimum contribution be prescribed or specified.

When a socio religious institution starts, it does not have any fund. I have come across the cases where the initial contribution is by an individual, family or a group of persons or association of persons. I will share my own experience here. A very successful Jain institute which is operating from Gujarat had come closer to some Jains (mainly from Kutch) during the unprecedented floods of 2006 in Surat. It was decided to form similar institute in South Gujarat; to look after the welfare and interest of Jains from Kutch province, who have migrated to South Gujarat. Initially it was decided to cover Surat and Navsari. In this case 24 persons were selected as Trustees and every one was required to contribute 1000/- Rupees to meet the start up expenses. It started with a bang and even one full page bulletin was published; but after a few meetings it could not function and died in its childhood.

I will share yet another example. One of my close family friends was a very active person. He was a Municipal Councilor also and was lawyer too. In 1982, in one family and friend get-together, he floated an idea of formation of a formal Jain Social group; with some like minded and only Jains family. It received the warm support from all of us and it was decided to go ahead with one time family registration fee and annual subscription. Its idea was to inculcate social bandings among Jains of all sects, with Jain Aachar Sanhita (જૈન સમાચારી).

Thus the foundation of a Jain Social Group was laid, which is now one of the eight Jain Social Groups functioning in Surat. They follow the system of annual membership fees and one time family registration fees.

In our Gnati, there are about 100 plus Mahajan Institutions which are operational. Most of these are funded by our Gnatijans. Some institutions like Panjarapols, Schools and Health Centers which are managed by them may have funding from other communities. But the regular form of membership fees is by way of Mahajan's Lago (મહાજનનો લાગો). It's very nominal, almost like a token and is annual. I like the idea of this system or practice very much. Although compulsory, it is affordable and non discriminatory. I believe this a perfect and practical method of what is known as inclusiveness (છેવાડાની વ્યક્તિનો પણ સમાવેશ). It's minimal and one can contribute more voluntarily.

I have illustrated a few methods of funding for Socio-Religious institutions. They can not be universal and exhaustive, as it depends upon the purpose, aims, size and objectives of the particular institution. But some attributes of such funding, as per my thinking are as under.

Non-discriminatory: It's uniform for all.

Affordable: It must be affordable so that more people can join the Institution.

Voluntary: There should not be any element of compulsion, coercion and social shaming for this.

Reasonable: It should be reasonable.

Justifiable: It should be justifiable, just and be convincing.

Logical: It should be logically related to the objectives of the institutions.

Pearl in the shell: Welfare of maximum people is the essence of any socio-religious institution.

Life Power

# CHILD ABUSE (Part-1)

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9591279036.**
Pehechaan - A Mission To Help Identify Yourself.



"It is easier to build strong children than to repair broken men".

Child abuse, molestation, harassment of children , pedophilia - these words are very frequently heard, mostly with respect to some shocking incidents , only to slip into oblivion just as fast.

There are times we come across instances that sends a chill down our spine. A missing child raped and murdered, an innocent child sexually molested by teacher or uncle, a child labourer beaten or burnt with cigarettes etc... We feel a sense of insecurity, anxiety or at times guilty about whether are we doing enough to protect children. But slowly we push such incidents from our conscious memory by reassuring ourselves that such things happen "out there".

As a mental health professional, at Pehechaan, we hear a lot about different kinds of abuse a person goes through, be it male or female, the traumatic experience one goes through is indeed a very difficult one. There are many in the masses who have shared their journey of abuse with us after believing and trusting in us and have healed of their trauma. Abuse is indeed a trauma which the society does not talk openly about. There are many who brush it under the carpet and suffer in silence for the rest of their lives. So let us understand more about child abuse and the different kinds often our society faces.

It's Verbal abuse ,Physical abuse, Sexual abuse, Emotional abuse, Medical abuse and Neglect. The dividing line between the first 3 is very thin. Many times it's a combination of all three abuses a child faces. Verbal abuse is very common than we think. Most of the time it's done with good intentions.

Any intentional harm or mistreatment to a child under 18 years old is considered child abuse. Child abuse takes many forms, which often occur at the same time. Verbal abuse of children is more common than we think. The sad part is that many a time this abuse is done with good intentions, even with the idea of helping a child. Pointing out to his/her elder sibling and saying "see how well he/she has studied and made us all proud. Why can't you do that?" This will only make the child inferior and inadequate ( he/she may think that the benchmark of his brother/sister 's performance is too high to achieve), but will also give a strong feeling that parents love is more for him and less for me.

Consider these remarks which are said light heartedly by parents: "look at your hair. You look like you have come out of the sewage pipe". Or "How dark you look - I am sure you are not our child, we must have brought you from some orphanage." Even worse are those parents who says "why were you even born? Or " we wish you were dead " These statements even said in jest, and often forgotten easily by everyone but not by the child against whom they were said. Physical abuse. Physical child abuse occurs when a child is purposely physically injured or put at risk of harm by another person. Similarly, physical violence cannot be measured by the amount of hurt it has inflicted. A teacher hitting a child in front of all classmates may be causing more harm to the child's dignity and self-respect, than the palms that received the cane. A strong squeeze of the child 's hand or neck by an elder may make the little one develop a fear that he/she may die with the intensity of the hold- and this fear will linger for life time.

**Sexual abuse** : Child sexual abuse (CSA) is any sexual activity with a child. This can involve sexual contact, such as intentional sexual touching, oral-genital contact or intercourse. This can also involve noncontact sexual abuse of a child, such as exposing a child to sexual activity or pornography; observing or filming a child in a sexual manner; sexual harassment of a child; or prostitution of a child, including sex trafficking.

**Emotional abuse** : Emotional child abuse means injuring a child's self-esteem or emotional well-being. It includes verbal and emotional assault — such as continually belittling or berating a child — as well as isolating, ignoring or rejecting a child.

Medical abuse. Medical child abuse occurs when someone gives false information about

illness in a child that requires medical attention, putting the child at risk of injury and unnecessary medical care. Neglect. Child neglect is failure to provide adequate food, clothing, shelter, clean living conditions, affection, supervision, education, or dental or medical care.

A child who's being abused may feel guilty, ashamed or confused. The child may be afraid to tell anyone about the abuse, especially if the abuser is a parent, other relative or family friend. That's why it's vital to watch for red flags, such as:

1) Withdrawal from friends or usual activities.
2) Changes in behavior — such as aggression, anger, hostility or hyperactivity — or changes in school performance.
3) Depression, anxiety or unusual fears, or a sudden loss of self-confidence.
4) Sleep problems and nightmares.
5) Frequent absences from school.
6) Rebellious or defiant behavior.
7) Self-harm or attempts at suicide.

Specific signs and symptoms depend on the type of abuse and can vary. Keep in mind that warning signs are just that — warning signs. The presence of warning signs doesn't necessarily mean that a child is being abused.

Physical abuse signs and symptoms.

1) Unexplained injuries, such as bruises, broken bones (fractures) or burns.
2) Injuries that don't match the given explanation.
3) Injuries that aren't compatible with the child's developmental ability.

Sexual abuse signs and symptoms.

1) Sexual behavior or knowledge that's inappropriate for the child's age.
2) Pregnancy or a sexually transmitted infection.
3) Genital or anal pain, bleeding, or injury.
4) Statements by the child that he or she was sexually abused.
5) Inappropriate sexual behavior with other children.
6) A trusted adult exposing himself.

Abuse of any form that has sexual connotations can be most damaging to the mind. It can also have a life long effect. This is not to say that every child who is a victim of molestation will suffer in later years. The after affects depends on various factors. The following are some that indicates why a victim carries the emotional baggage into adult life.

• If the abuser was a trusted elder, a feeling of betrayal.
• If victim was asked to respect the abuser, a confusion of values.
• If the abuser drilled into the victim that she "asked for it", intense guilt.
• Mortal fear if the abuser has threatened that if disclosed, he will kill or harm her parents.
• A sense of shame for having been violated, since society gives so much importance to virginity and modesty.
• The burden of carrying the horrible memories alone if she cannot confide in her near and dear ones.
• The added burden of making attempts to disclose, and rather accused of improper behaviour.
• A sense of isolation and loneliness, thinking that everyone else in the world is happy and this shameful thing has " happened to me only".

Emotional abuse signs and symptoms.

1) Delayed or inappropriate emotional development.
2) Loss of self-confidence or self-esteem.
3) Social withdrawal or a loss of interest or enthusiasm.

Depression

1) Avoidance of certain situations, such as refusing to go to school or ride the bus.
2) Appears to desperately seek affection.
3) A decrease in school performance or loss of interest in school.
4) Loss of previously acquired developmental skills.

Neglect signs and symptoms.

1) Poor growth.
2) Excessive weight with medical complications that are not being adequately addressed.
3) Poor personal cleanliness.
4) Lack of clothing or supplies to meet physical needs.
5) Hoarding or stealing food.
6) Poor record of school attendance.
7) Lack of appropriate attention for medical, dental or psychological problems or lack of necessary follow-up care.

**to be continue...**

# If it's wealth creation in Equities, then it must be ValueQuest.

VALUEQUEST


*Powered by ideas.*
*Driven by Values.*



- FAIRNESS
- TRUST
- TRANSPARENCY
- PROACTIVENESS

We manage your money as we manage our own.

VQ Growth: Value of Rs. 1 Cr invested 10 years back is Rs 6.53 cr v Rs 3.52 cr in BSE 500. Annualized TWRR of 20.63% v 13.39% in BSE500.




Time period 1st May 2012 to 30th April 2022.



Contact:
www.valuequest.in • +91 22 24394488
ValueQuest Investment Advisors Private Limited
SEBI Reg No: INP000003724

Address:
QUEST, 1073, Rajabhau Desai Marg,
Behind Beau Monde Tower,
Prabhadevi, Mumbai – 400025

Risk Factors & Disclaimers: This document is for personal information only and does not constitute an offer, invitation, or inducement to invest in any security whatsoever. Performance related information provided in this document is not verified by SEBI. Past performance is not a guide for future performance. Investment in securities involves substantial risk including permanent loss of capital (in whole or in part) and hence may not be suitable for all investors. Clients under Portfolio Management Services are not being offered any guaranteed/assured returns. Clients have an option of direct on-boarding without intermediation of persons engaged in distribution services. Please read disclosure document before investing.

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

To,

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**